તા.૧૬/૦૨/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સામાન્ય સભાની કાર્યનોંધ.

સભામાં હાજર રહેલા સભ્યશ્રીઓ..........

| અ.નં. | સભ્યશ્રીઓના નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | પટેલ કિન્નરીબેન અમીષભાઇ | પ્રમુખ |
| ૨. | પટેલ છાયાબેન ઉમેશભાઇ | કારોબારી ચેરમેન |
| ૩. | ટંડેલ નિમિષાબેન ગિરીશકુમાર | સભ્ય |
| ૪. | પાનવાલા વર્ષાબેન અમિતકુમાર | સભ્ય |
| ૫. | પટેલ સતિષભાઇ બાલુભાઈ | સભ્ય |
| ૬. | પટેલ કિરણભાઇ ભીખુભાઈ | સભ્ય |
| ૭. | પટેલ ઉર્વશી રાજેશભાઇ | સભ્ય |
| ૮. | પટેલ વિકાસ રાજેશભાઈ | સભ્ય |
| ૯. | રાણા હિતેશ સુરેશભાઇ | સભ્ય |
| ૧૦. | વાડીવાલા મહેન્દ્રભાઇ ભગુભાઈ | સભ્ય |
| ૧૧. | દેસાઇ ગિરીશભાઇ ભગવાનજીભાઇ | સભ્ય |
| ૧૨. | ઠાકોર કમળાબેન અવધેશકુમારસિંગ | સભ્ય |
| ૧૩. | રાજાણે ચેતનાબેન રાકેશભાઇ | સભ્ય |
| ૧૪. | પટેલ વિજય સહદેવભાઈ | સભ્ય |
| ૧૫. | ચૌહાણ સંજય દશરથરાવ | સભ્ય |
| ૧૬. | ભાનુશાલી કલ્પના રાજેશભાઇ | સભ્ય |
| ૧૭. | પટેલ હિતેશકુમાર ઈશ્વરલાલ | સભ્ય |
| ૧૮. | પટેલ ભારતીબેન મનોજભાઇ | સભ્ય |
| ૧૯. | સોલંકી સોનલ તેજસભાઇ (જૈન) | સભ્ય |
| ૨૦. | ગજધર વિમલ સુમંતરાય | સભ્ય |
| ૨૧. | પટેલ બાલકૃષ્ણ જીવરાજભાઇ | સભ્ય |
| ૨૨. | શેખ સબીના સાજીદ | સભ્ય |
| ૨૩. | શેખ નઝમા અમીર | સભ્ય |
| ૨૪. | કાઝી ઈમ્તિયાઝુદ્દીન મીયાંમોહમદ | સભ્ય |
| ૨૫. | દેસાઇ ઉર્મિ આશિષકુમાર | સભ્ય |
| ૨૬. | પટેલ જેષ્ટીકા દર્શન | સભ્ય |
| ૨૭. | પટેલ ધર્મેશભાઈ અરવિંદભાઇ | સભ્ય |
| ૨૮. | આહિર પંકજ ઠાકોરભાઇ | સભ્ય |
| ૨૯. | આહિર ઋષિકાકુમારી પ્રિયંકકુમાર | સભ્ય |
| ૩૦. | ઓઝા ડો. પુષ્પાબેન રામજોર | સભ્ય |
| ૩૧. | પટેલ ભરતભાઇ છોટુભાઇ | સભ્ય |
| ૩૨. | વશી નિતેશભાઈ મહાદેવભાઈ | સભ્ય |
| ૩૩. | પટેલ સોનલબેન કિશોરભાઇ | સભ્ય |
| ૩૪. | પટેલ ધર્મેશભાઈ અરૂણભાઇ | સભ્ય |
| ૩૫. | પટેલ પ્રવીણભાઈ સોમાભાઇ | સભ્ય |
| ૩૬. | પટેલ હેતલકુમારી જયેશભાઇ | સભ્ય |
| ૩૭. | પટેલ પ્રવિણાબેન સુનિલભાઈ | સભ્ય |
| ૩૮. | પઠાણ મહેબુબ ગુલશેરખાન | સભ્ય |
| ૩૯. | મહાકાલ રવિન્દ્રભાઈ રામચંદ્રભાઈ | સભ્ય |

સભાની શરૂઆત વંદેમાતરમથી કરવામાં આવી.

પ્રમુખશ્રી દ્વારા સભામાં ઉપસ્થિત સૌને આવકારવામાં આવ્યા.

વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખાના કર્મચારીશ્રી રાજુભાઇ ઇશ્વરભાઇ પટેલનું ટૂંકી માંદગી બાદ દુ:ખદ અવસાન થયેલ છે. તેમજ નામીઅનામી સ્વર્ગસ્થ તમામની આ તબક્કે નોંધ લઈ તેઓશ્રીની આત્માને શાંતિ મળે તે માટે શ્રદ્ધાંજલી આપી. અને સૌએ ૨ મીનીટનું મૌન પાળ્યું.

પ્રમુખશ્રીની અનુમતિથી કારોબારી ચેરમેનશ્રી છાયાબેન યુ.પટેલે એજન્ડાના કામો રજુ કર્યા.

**જ.બો.ઠ.નં.૧૩૧/તા:૧૬/૦૨/૨૦૨૩**

કામ નં.-૧.

વિષય :- તા:૨૯/૧૦/૨૦૨૨ ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી મંજૂરી કરવા બાબત.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી વિમલ એસ.ગજધર

ઠરાવ.:

તા: ૨૯/૧૦/૨૦૨૨ ના રોજ મળેલ સાધારણ સમગ્ર સભાની કાર્યનોંધ દરેક સભ્યશ્રીઓને આપવામાં આવેલ છે. જે વંચાયેલી ગણી કન્ફર્મ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૨.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ, વલસાડ નગરપાલિકાનો સને-૨૦૨૨-૨૦૨૩નો તા.:૦૧-૦૪-૨૦૨૨ થી તા.:૩૧-૧૨-૨૦૨૨ સુધીનો નવમાસિક હિસાબ મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકાનો સને-૨૦૨૨-૨૦૨૩નો તા.:૦૧-૦૪-૨૦૨૨ થી તા.:૩૧-૧૨-૨૦૨૨ સુધીનો નવમાસિક હિસાબ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૩.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ , વલસાડ નગરપાલિકાના લેબર કોર્ટ, વલસાડમાં ચાલતા કેસ નં.૨૯/૨૦૧૩, ૨૧૮-કામદારોના કેસ અંગેની કાર્યવાહી પેનલના એડવોકેટશ્રીને સોપવામાં આવેલ. સદરહું પેનલના એડવોકેટશ્રીનું બીલ નં.૯૫/તા.:૧૬/૦૯/૨૦૨૨થી આવેલ બીલની રકમ  રૂ.૩,૨૭,૦૦૦/- પૂરા મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકાના લેબર કોર્ટ, વલસાડમાં ચાલતા કેસ નં.૨૯/૨૦૧૩, ૨૧૮-કામદારોના કેસ અંગેની કાર્યવાહી એડવોકેટશ્રી કૌશિકભાઈ કપ્તાનને સોપવામાં આવેલ અને સદરહું કેસ ડીસ્પોઝ થયેલ છે.જેની સંલગ્ન કામગીરી માટે કરેલ કાર્યવાહીનું આવેલ બીલ વ.આ.નં.:૩૨૮૭/ તા.૧૯/૦૯/૨૦૨૨ થી બીલ નંબર:૯૫/ તા.:૧૬/૦૯/૨૦૨૨ થી રૂ.૩,૨૭,૦૦૦/-અંકે રૂ.ત્રણ લાખ, સત્તાવીસ હજાર પુરાનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૪.

વિષય :- વલસાડ નગરપાલિકાના વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષનું રિવાઇઝડ બજેટ મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ :

વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૨૨-૨૩ના વર્ષનું રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂ.૭૩૭૭૧૮૭૦૨.૬૮/-તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂ.૬૮૦૨૪૫૧૯૬.૩૯/- રીવાઈઝડ બજેટ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૫.

વિષય :- વલસાડ નગરપાલિકાના વર્ષ ૨૦૨૩-૨૪ ના વર્ષનું બજેટ મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ :

વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૨૩-૨૪ના વર્ષનું બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂ.૮૨૦૭૩૧૯૦૦.૦૦/- તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂ.૮૧૩૪૮૩૦૫૦/- બજેટ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૬.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ, વર્ષ ૨૦૨૦-૨૧ તથા વર્ષ : ૨૦૨૧-૨૨ ની એક્રુઅલ બેઇઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરવા અંગેનું આવેલ કામ મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઋષિકા પી.આહિર

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા-વલસાડના હિસાબો એક્રુઅલ બેઇઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમથી તૈયાર કરવા અંગે સંદર્ભ-૧ હેઠળના પત્રમાં જણાવ્યા મુજબ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર દવારા એમપેનલ થયેલ સી.એ.ફર્મ અથવા નગરપાલિકા કક્ષાએથી સી.એ.ફર્મ પસંદગી કરી કામગીરી પૂર્ણ કરવા જણાવેલ છે.વધુમાં અગાઉના વર્ષ ૨૦૧૮-૧૯માં નગરપાલિકાની કામગીરી શાહ કૈલાસ શાહ એન્ડ એસોસિએટ –સુરત પાસેથી કરાવવામાં આવેલ હતી અને વર્ષ ૨૦૧૯-૨૦ની કામગીરી પ્રગતિ હેઠળ છે. સને ૨૦૨૦-૨૧ તથા વર્ષ ૨૦૨૧-૨૨ એક્રુઅલ બેઇઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગની કામગીરી શાહ કૈલાસ શાહ એન્ડ એસોસિએટ પાસેથી કરાવવા કે અન્ય કોઈ સી.એ.ફર્મ પાસેથી કરાવવા માટે, એક્રુઅલ બેઇઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ કામગીરી કરવા માટે આવેલ અન્ય સી.એ.ફર્મસની અરજીઓ આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) એ.બી.કોઠીયા એન્ડ કંપની, લાલ દરવાજા, સુરત.

(૨) અર્થવ પ્લાનીંગ એન્ડ રીસર્ચ સેન્ટર પ્રા.લિ.,

(૩) ટી.એસ.પટેલ એન્ડ એસોસિએટસ, નવસારી.

ઉપરોક્ત હકીકત ધ્યાને લઇ, એક્રુઅલ બેઇઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરવા બાબતે સી.એ.ફર્મ નક્કી કરવાની કામગીરી કરવા અંગેની ઉપરોક્ત આવેલ અરજીઓ પૈકી, અ.નં.-(૩) ટી.એસ.પટેલ એન્ડ એસોસિએટસ, નવસારી. પાસે કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૭.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ , વલસાડ નગરપાલિકાની વર્ષ-૨૦૨૩-૨૪ની વેબસાઈટ રીન્યુ કરવા બાબતનું હિન્દુસ સોફ્ટવેર, અમદાવાદનું બીલ રૂ.૩૩૯૮૦/- મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી ઓઝા ડો.પુષ્પા આર.

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકાની વર્ષ-૨૦૨૨ ની વેબસાઈટની સમય મર્યાદા પૂર્ણ થવાની હોય. જે વર્ષ-૨૦૨૩ માં વેબસાઈટ રીન્યુ કરાવવી જરૂરી હોય, હિન્દુસ સોફ્ટવેર, અમદાવાદનું દ્વારા તેઓનું વેબસાઈટ રીન્યુ કરાવવા અંગેનું આવેલ બીલ તા.:૧૮/૧૧/૨૦૨૨ થી બીલ નં.: BS-11 થી રૂ.૩૩૯૮૦/-અંકે રૂપિયા તેત્રીસ હજાર, નવસો એસી પુરાનું આવેલ છે. સદરહું ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૮.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ , વલસાડ નગરપાલિકાના શ્રી અટલ બિહારી વાજપાઇ સભાખંડ તેમજ જુદી જુદી શાખાઓમાં મુકવામાં આવેલ A.C. સર્વિસ તેમજ રીપેરીંગ કામગીરી સાગર ડી.થોરાત,વલસાડ પાસે કરાવેલ. જે અંગેનું આવેલ બીલ નં.-૨૯ /તા.:૧૨/૭/૨૦૨૨ થી રૂ. ૩૯.૪૦૦/- પૂરા મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઓઝા ડો.પુષ્પા આર.

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકાના શ્રી અટલ બિહારી વાજપાઈ સભાખંડ તેમજ જુદી જુદી શાખાઓમાં મુકવામાં આવેલ A.C.સર્વિસ તેમજ રીપેર કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. જે વાર્ષિક મંજુર થયેલ ભાવોથી A.C.સર્વિસ તેમજ રીપેરીંગની કામગીરી, સાગર ડી. થોરાત, વલસાડ પાસે કામગીરી કરાવેલ. જે અંગેનું બીલનં.-૨૯/ તા.:૧૨/૭/૨૦૨૨થી આવેલ બીલ રૂ.૩૯,૪૦૦/-અંકે રૂપિયા ઓગણ ચાલીસ હજાર, ચારસો પુરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૯.

વિષય :- વલસાડ નગરપાલિકા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે વંદે ગુજરાત વિકાસ યાત્રા કાર્યક્રમ અંતર્ગત હેપ્પી ઝેરોક્ષ ,વલસાડનું આવેલ બીલ રૂા.૨૭ ,૨૩૦/- પૂરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ, ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં " આઝાદી કા અમૃત મહોત્સવ" ની ઉજવણીના ભાગ સ્વરૂપે સમગ્ર રાજયમાં જિલ્લા અને શહેર કક્ષાએ તા:૦૪/૦૭/૨૦૨૨ થી તા:૧૮/૦૭/૨૦૨૨ દરમ્યાન વંદે ગુજરાત વિકાસ યાત્રાનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત વલસાડ શહેરમાં તા:૦૮/૦૭/૨૦૨૨ ના રોજ રથ આવેલ. સદર કાર્યક્રમને અનુરૂપ બેકડ્રોપ, હોર્ડિંગ્સ,સ્ટેજ બેનર, ઝંડી વિગેરે તૈયાર કરવા અંગેનું કામ જે સને ૨૦૨૧-૨૨ નાં કા.સ.ઠ.નં.૨૮૫/ તા:૨૧/૦૨/૨૦૨૨ થી વાર્ષિક ટેન્ડરનાં મંજુર થયેલ ભાવ મુજબ હેપ્પી ઝેરોક્ષ,વલસાડ પાસે કરાવવામાં આવેલ હોય. જેનું આવેલ બીલ નં.૩૯૯/તા:૦૮/૧૦/૨૦૨૨થી રૂા.૨૭,૨૩૦/- પુરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૦.

વિષય :- વલસાડ નગરપાલિકા દ્વારા દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવતું તેમજ નગરપાલિકાની આવશ્યક સેવાઓથી માહિતગાર કરવા અંગેનું બેનર બનાવવાની કામગીરી હેપ્પી ઝેરોક્ષ , વલસાડ પાસે કરાવેલ. જે અંગેનું આવેલ બીલ રૂપિયા-૨૮,૦૦૦/- પૂરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

દિવાળી અને નૂતન વર્ષના પવિત્ર તહેવાર નિમિત્તે વલસાડ નગરના તમામ શહેરીજનોને નવા વર્ષની શુભકામના પાઠવતું તેમજ નગરપાલિકાની આવશ્યક સેવાઓથી માહિતગાર કરવા બેનર નંગ-૧ તૈયાર કરવા અંગેનું કામ જે સને ૨૦૨૧-૨૨ નાં કા.સ.ઠ.નં.૨૮૫/ તા:૨૧/૦૨/૨૦૨૨ થી વાર્ષિક ટેન્ડરનાં મંજુર થયેલ ભાવ મુજબ હેપ્પી ઝેરોક્ષ ,વલસાડ પાસે કરાવવામાં આવેલ હોય. જેનું આવેલ બીલ નં.૪૦૬/તા:૨૦/૧૦/૨૦૨૨થી રૂ ।.૨૮,૦૦૦/- પુરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૧.

વિષય :- સાર્વજનિક વિજય મંડળ , પારડી સાંઢપોર-મોગરાવાડી , વલસાડ દ્વારા પ્રજાસત્તાક નિમિત્તે સાંસકૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જે પ્રસંગે પ્રસિધ્ધ થનાર " વિજય " અંકમાં અત્રેની સંસ્થાની જાહેરાતની માંગણી કરવામાં આવેલ છે. જે અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી પટેલ સતિષભાઇ બાલુભાઈ

ઠરાવ :

વલસાડ જીલ્લાનું એક માત્ર સાર્વજનિક વિજય મંડળ , સતત ૫૯ વર્ષથી સાંસ્કૃતિક રસોત્સવ સમાજ સેવાના કાર્યો કરતું આવેલ છે. સદર મંડળ દ્વારા ૫૯મો સાંસ્કૃતિક રસોત્સવ યોજાનાર છે. જે પ્રસંગે મંડળ દ્વારા પ્રસિધ્ધ થનાર વિજયઅંકમાં સાર્વજનિક વિજય મંડળ , પારડી સાંઢપોર-મોગરાવાડી ,વલસાડની નગરપાલિકા આવક નંબર : ૫૩૧૬/ તા:૧૭/૦૧/૨૦૨૩ થી સંસ્થાની જાહેરાત આપવા અંગેની અરજી આવેલ છે. જે અંગે ચર્ચા વિચારણાને અંતે સદરહુ સંસ્થાને પ્રસિધ્ધ થનાર અંકમાં રૂ ।.૨૦,૦૦૦/- ની મર્યાદામાં નગરપાલિકાની જાહેરાત આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૨.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ, ભારત રત્ન મોરારજી દેસાઈ સ્ટેચ્યુ ઓપરેશન અને મેઈન્ટેનન્સના ધોરણે ચલાવવા આપવા બાબતની પ્રમુખ, અનાવિલ પરિવાર, વલસાડની તા.:૩/૮/૨૦૨૨ની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , પ્રમુખશ્રી, અનાવિલ પરિવાર, વલસાડનો તા.:૨૯-૦૭-૨૦૨૨ના પત્રમાં જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદમાં બેચર રોડ વિસ્તારમાં વલસાડ નગરપાલિકા હસ્તક ભારત રત્ન મોરારજી દેસાઈનું સ્ટેચ્યુ આવેલ છે. સદરહું સ્ટેચ્યુનું અનાવિલ પરિવાર, વલસાડ દવારા ઓપરેશન અને મેઈન્ટેનન્સ પોતાના સ્વખર્ચે કરવા જણાવેલ છે. તો સદરહું બાબતે ઇજનેરશ્રી, પ.વ.ડી. વલસાડ નગરપાલિકાના માર્ગદર્શન હેઠળ, અનાવિલ પરિવાર, વલસાડને હસ્તક ભારત રત્ન મોરારજી દેસાઈનું સ્ટેચ્યુનું ઓપરેશન અને મેઈન્ટેનન્સનાં ધોરણે ચલાવવા આપવા, અનાવિલ પરિવાર, વલસાડના સ્વખર્ચે કરવા અંગેની આવેલ અરજી મંજુર કરવાનું તથા સદરહું સ્થળે " સૌજન્ય તરીકે " અનાવિલ પરિવાર, વલસાડ "નું નામ મુકવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૩.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ , નાઈટ શેલ્ટર બનાવવાની જગ્યાનું સોઇલ ટેસ્ટીંગનું બીલ રૂા.૪૦,૨૫૩/-મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી પંકજ ટી.આહિર

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વલસાડ ખાતેના સરકારશ્રીની રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના હેઠળ નવા નાઈટ શેલ્ટરનું આયોજન કરવાનું હોવાથી તેના માટે સદર જગ્યાની જમીનનું સોઇલ ટેસ્ટીંગ કરાવવાની જરૂરિયાત હોવાથી એન.કે.પી.સી.( નાનજી કાલાભાઈ પટેલ એન્ડ કુ.)પાસે તા.:૨૯/૦૫/૨૦૨૦ ના રોજ ટેસ્ટીંગ કરવામાં આવેલ છે. નાઈટ શેલ્ટરની કામગીરી એપ્રિલ-૨૦૨૨ માં પૂર્ણ થઈ ગયેલ છે.સદર કામગીરી અંગે એન.કે.પી.સી.નું બીલ નગરપાલિકા આવક નં.૫૬૮૨ તા.:૧૨/૦૧/૨૦૨૨ થી ઇન્વોઇસ GT20-1804 તા.:25/08/2020 થી રૂ.૪૦,૨૫૩/-અંકે રૂપિયા ચાલીસ હજાર, બસો ત્રેપન પુરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૪.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ , ના.સરકારશ્રીની વિવિધ યોજનાના વિકાસલક્ષી કામોના ઓનલાઈન ટેન્ડર મંગાવવા માટે, નાયબ માહિતી ખાતા, વલસાડ મારફતે જાહેરાત પ્રસિદ્ધિ ગુજરાત સમાચાર, અમદાવાદ આવૃત્તિમાં થયેલ. જે અંગેનું આવેલ બીલ રૂા.૪૨ ,૩૩૬/- પૂરા મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખામાં નામદાર સરકારશ્રીની વિવિધ યોજનાના વિકાસલક્ષી કામોના ઓનલાઈન ટેન્ડર મંગાવવા માટે, નાયબ માહિતી ખાતા, વલસાડ મારફતે દૈનિક પેપરમાં " ગુજરાત સમાચાર" અમદાવાદ આવૃત્તિમાં તા.:૧૪-૦૯-૨૦૨૨ ના રોજ ટેન્ડર નોટીસ નં.-માહિતી/ વલસાડ/૩૭૯/૨૦૨૨ની જાહેરાત પ્રસિદ્ધિ થયેલ હોય, પ્રસિદ્ધિ કરવામાં આવેલ ટેન્ડર નોટીસનું બીલ અત્રેની કચેરી આવેલ છે. સદરહું આવેલ બીલની રકમ રૂા.૪૨ ,૩૩૬/-પુરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૫.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ , સ્ટેડીયમ રોડ ઉપર ડો.મોંઘાભાઈ દેસાઈ હોલની બાજુમાં મુખ્ય રસ્તા ઉપર ૮૦ mm ડાયા જાડાઈનાં પેવર બ્લોક નાખવાનું એસ્ટીમેઈટ રૂ.૧૨૯૩૮૬/- પૂરા મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી રાણા હિતેશ સુરેશભાઇ

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ, સ્ટેડીયમ રોડ ઉપર ડો.મોંઘાભાઈ દેસાઈ હોલની બાજુમાં મુખ્ય રસ્તા ઉપર ખુબજ કચરો જમા થાય છે. સદરહું જગ્યા ઉપર 80 mm ડાયાનાં જાડાઈનાં પેવર બ્લોક નાખવામાં આવે તો કાયમી ધોરણે ગંદકી દુર થાય એમ છે. શહેરની મધ્યમાં કચરા પેટી દુર કરવામાં આવે તો સદરહું સરદાર પટેલ ચોકની બ્યુટીમાં વધારો થાય એમ છે. જે અંગેનું ફેન્સીંગ સાથેનું એસ્ટીમેઈટની રકમ રૂ.૧,૨૯,૩૮૬/- અંકે રૂપિયા એક લાખ, ઓગણત્રીસ હજાર,ત્રણસો છ્યાસી પૂરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૬.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ, તીથલ રોડ ઉપર જજ સાહેબનાં બંગલા પાસે ૮૦ mm જાડાઈનાં પેવર બ્લોક નાખવાનું એસ્ટીમેઈટ રૂ.૬૨૫૯૮/- પૂરા મંજુર કરવા બાબત..

 દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી પંકજ ટી.આહિર

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તિથલ રોડ ઉપર જજ સાહેબના બંગલા પાસે ખૂબ જ ગંદકી થાય છે. સદરહુ જગ્યા ઉપર ૮૦ mm જાડાઈના પેવર બ્લોક નાંખવામાં આવે તો સદરહુ જગ્યાએ ફૂટપાથ ઉપર શહેરીજનોને વોકીંગ માટે સરળતા રહે એમ છે. તથા વરસાદી સીઝનમાં વધુ વરસાદ પડે ત્યારે રાહદારી માટે અવરજવર માટે રાહત થઈ શકે એમ છે. તો આ અંગેનું આવેલ એસ્ટીમેઈટની રકમ રૂ ।.૬૨,૫૯૮/-બાસઠ હજાર, પાંચસો અઠ્ઠાણું પુરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૭.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ , નગરપાલિકા હદમાં નવયુગ સ્ટોર પાસેથી પસાર થતી ગંગલી ખાડી નામે ઓળખાતી ખુલ્લી ગટર ઉપર સ્લેબ બાંધકામની પરવાનગી આપવા બાબતની મેસર્સ એ.એસ.એન્ટરપ્રાઈઝ, વાપીની તા.:૦૮/૦૪/૨૧ની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

સભ્યશ્રી : જેષ્ટીકાબેન ડી.પટેલે અરજી આપી પોતાનો વાંધો નોંધાવ્યો.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ :

સદરહુ કામ હાલે મુલત્વી રાખવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૧૮.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ , નગરપાલિકા હદ વિસ્તારમાં રસ્તાઓને રીસ્ટોરેશન કરવાનો ચાર્જ નક્કી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી કિરણભાઈ બી.પટેલ

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ, નામદાર સરકારશ્રીની ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન , ગાંધીનગરના પત્રક્રમાંક : GUDM/eNAGAR/EODB-SRAP/2020-21/40/2364/15/09/2022 ના પત્રમાં જણાવ્યા મુજબ નગરપાલિકા હદ વિસ્તારમાં જે તે ટેલીકોમ એજન્સીઓની મોબાઈલ ટાવર તેમજ અંડરગ્રાઉન્ડ કેબલ નાખવાની કામગીરી ગુજરાત સરકારશ્રીની Department of science and technology ના પોર્ટલ ઉપર (www.row.gujarat.gov.in) ઓનલાઈન પરવાનગી મેળવવાની થાય છે. જેમાં સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જે તે પ્રકારના રસ્તાઓ જેવા કે ડામર રોડ , ટ્રીમીક્ષ રોડ , પેવરબ્લોક તેમજ WBM રોડ ને તોડીને કામગીરી કરવાની થતી હોય, સદરહુ કામગીરી કરતાં રોડને નુકશાન થાય તેવા સંજોગોમાં રોડને રીસ્ટોરેશન કરવા માટે નામદાર સરકારશ્રીની ગાઈડ લાઇન મુજબ નીચે જણાવ્યા મુજબના રસ્તાઓને રીસ્ટોરેશન કરવાનો ચાર્જ નગરપાલિકા દ્વારા નક્કી કરવાનો થાય છે. જે નીચે જણાવ્યા મુજબના રસ્તાઓનો ૦૧(એક) કિલોમીટરનો (૧૦૦૦ મીટર) સૂચિત ભાવો, એજન્સીઓ માટે રાખવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | રોડનો પ્રકાર | સૂચિત ભાવ | SOR/પ્રવર્તમાન ભાવ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|
| ૧ | WBM રોડ | ૫,૩૪,૨૪૧/- | SOR-2021-22 | |
| ૨ | સી.સી.રોડ | ૪૫,૮૯,૫૪૧/- | SOR-2021-22 | |
| 3 | પેવરબ્લોક રોડ | ૧૮,૩૯,૯૦૦/- | SOR-2021-22/R.A. | |
| ૪ | ડામર રોડ | ૨૫,૫૯,૬૦૦/- | પ્રવર્તમાન ભાવ | કા.સ.ઠ.નં-૧૯૭/ ૨૦-૧૦-૨૦૨૨ |
| ૫ | કાચો રોડ | ૧૦,૦૦,૦૦૦/- | - | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ઠરાવ નં-નપલ/ ૪૫૧૨/ ૩૪૩૮-મ, તા.૦૩-૧૦-૨૦૧૨ |

સ.મ.મંજુર..

કામ નં.-૧૯.

વિષય :- વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખાના રીપોર્ટમાં જણાવ્યા મુજબ , ગટરોના સ્લેબ કે આર.સી.સી પાઇપ તુટી જાય તે મરામત કરવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૨૫.૦૦ લાખ પૂરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખાના વર્ષ ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ગટરોના સ્લેબ કે આર.સી.સી. પાઇપ તૂટી જવાના સંજોગોમાં નગરપાલિકા દ્વારા મરામત કરવાની જરૂરિયાત ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં નગરપાલિકા દ્વારા આર.સી.સી. પાઇપ તેમજ આર.સી.સી. સ્લેબની ખરીદી કરવાની જરૂરિયાત હોય, તે માટે થનાર અંદાજીત ખર્ચ રૂ।.૨૫.૦૦ લાખ મંજુર મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૨૦.

વિષય :- વલસાડ નગરપાલિકાના મોગરાવાડી –અબ્રામા વિસ્તાર માટે ગુ.વિ.બોર્ડના સબ સ્ટેશન માટે પોલીસ હેડ ક્વાટર્સમાં જગ્યા ફાળવવા જિલ્લા પોલીસ વડાશ્રી તથા ગૃહવિભાગને ભલામણ કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : પટેલ ભારતી મનોજભાઇ

ઠરાવ :

વલસાડ નગરપાલિકાના મોગરાવાડી –અબ્રામા વિસ્તારમાં અંદાજે ૫૦ હજારની વસ્તી આવેલી છે. અને અંદાજે ૮ હજારથી વધુ વિજ ગ્રાહકો તથા નાના મોટા ઉદ્યોગ માટેના વીજ વપરાશ કરનારાઓ આવેલ છે.

સદર વિસ્તારને વિજ અંગેનો સબ સ્ટેશન અટક પારડી વિસ્તારમાં આવેલ સબ સ્ટેશન પરથી વિજ પ્રવાહ મળતો આવેલ છે. સરકારશ્રી દ્વારા મોગરાવાડી-વલસાડ વિસ્તાર માટે સબ સ્ટેશન બનાવવા અંદાજે ૫ કરોડ થી વધુ ગ્રાન્ટ મંજુર કરેલ છે.

ઉપરોક્ત બાબત ધ્યાનમાં લઈ વલસાડ નગરના હિતમાં આજની સભા જીલ્લા પોલીસ વડાશ્રીને પોલીસ હેડ ક્વાટર્સ ખાતે આવેલ જુના મેસની પાછળની પૂર્વ તરફની જગ્યા ગુજરાત વિજ બોર્ડને સબ સ્ટેશન માટે ફાળવવા ભલામણ કરે છે. અને ગુજરાત રાજ્યના ગૃહ વિભાગને જગ્યા ફાળવવા અંગે જરૂરી કાર્યવાહી થવા ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૨૧.

વિષય :- વલસાડ નગરપાલિકાના મોગરાવાડી –અબ્રામા વિસ્તારમાં આઉટ પોસ્ટ પોલીસ ચોકી પોલીસ હેડ ક્વાટર્સ કંપાઉન્ડમાં મધ્યમાં બનાવવા જિલ્લા પોલીસ વડાશ્રીને ભલામણ કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : પટેલ ભારતી મનોજભાઇ

ઠરાવ :

વલસાડ નગરપાલિકાના મોગરાવાડી –અબ્રામા વિસ્તારની પોલીસ આઉટ પોસ્ટ પોલીસ ચોકી મોગરાવાડી –અબ્રામા મુકામે પાદરદેવી નજીક આવેલ છે. મોગરાવાડી –અબ્રામા વિસ્તારની વસ્તી અંદાજે ૫૦ હજાર જેટલી છે. અને વલસાડ શહેરના કુલ વિસ્તાર કરતાં અંદાજે ૧૪ ચો.કિ.મીટર જેટલો વિસ્તારમાં મોગરાવાડી –અબ્રામા ફેલાયેલ છે. હાલમાં પોલીસ ચોકી ચાલે છે. પરંતુ ૯૦% વિસ્તાર દક્ષિણ અને પૂર્વ તરફ આવેલો છે.

જેને ધ્યાનમાં લઈ આઉટ પોસ્ટ પોલીસ હેડ ક્વાટર્સ કંપાઉન્ડના ગેટ મુખ્ય દરવાજાની આજુબાજુ બનાવવામાં આવેલ તો મોગરાવાડી –અબ્રામા વિસ્તારમાં મધ્યમાં આઉટ પોસ્ટ હોય તો તમામ વિસ્તારને પૂરતી સુવિધા મળી શકે એમ છે. જેથી જીલ્લા પોલીસ વડાશ્રીને પોલીસ હેડ ક્વાટર્સ કંપાઉન્ડમાં આઉટ પોસ્ટ પોલીસ ચોકી ખસેડવા ભલામણ કરવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૨૨.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ , ક્રિશ્ના એપાર્ટમેન્ટથી મદનવાડ થઈ રાકેશ મેડિકલ સુધી ડામર રસ્તો તેમજ દિક્ષિત મહોલ્લો-ભાવનો ટેકરો-માજી સભ્યશ્રી રાજુભાઇ વકીલના ઘરથી સોમભાઈ મહારાજના ઘર સુધી પેવર બ્લોકનો રસ્તો બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી વિમલ એસ.ગજધર

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા હદમાં વોર્ડ નં.-પમાં નીચે જણાવેલ જુદા જુદા વિસ્તારમાં આવેલ કામો કરાવવાની જરૂરિયાત હોય, સદરહું નીચે મુજબના કામો કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરી, સદરહુ કામો નવી ગ્રાન્ટ આવ્યેથી વિચારણામાં લેવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામની વિગત. |
|---|---|
| ૧. | વોર્ડ નં.-પમાં ક્રિશ્ના એપાર્ટમેન્ટથી મદનવાડ થઈ રાકેશ મેડિકલ સુધી ડામર રસ્તો બનાવવાનું કામ. |
| ૨ . | વોર્ડ નં.-પમાં દીક્ષિત મહોલ્લો – ભાવનો ટેકરો- માજી સભ્યશ્રી રાજુભાઇ વકીલના ઘરથી સોમભાઈ મહારાજના ઘર સુધી પેવર બ્લોકનું કામ. |

સ.મ.મંજુર..

કામ નં.-૨૩.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ ,વલસાડ નગરપાલિકાના જુદા-જુદા વિસ્તારોમાં પેવરબ્લોક વિગેરે વિકાસલક્ષી કામો કરવા અંગે નગરપાલિકા સભ્યશ્રીની આવેલ રજુઆત મુજબના કામો કરવા બાબત.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી પાનવાલા વર્ષાબેન એ

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદમાં જુદા જુદા વિસ્તારોમાં પેવરબ્લોક વિગેરેના વિકાસલક્ષી જુદા જુદા કામો કરવા અંગે નગરપાલિકા સભ્યશ્રીની આવેલ રજૂઆત મુજબના નીચે જણાવેલ કામો કરવા અંગે નવી ગ્રાન્ટ આવ્યેથી વિચારણામાં લેવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં | કામનું નામ. |
|---|---|
| ૧ | વોર્ડ નંબર-૧૧માં આવેલ અબ્રામા ઝોન વિસ્તારમાં વાળંદવાસ મુખ્ય રસ્તાથી સાહિલભાઈ મૈસુરીયાના ઘર સુધી ડ્રેનેજ લાઇન તેમજ પેવર બ્લોક નાંખવાનું કામ |
| ૨ | વોર્ડ નંબર-૧૧માં લુહાર ફળિયા દેવેન્દ્રભાઈ પરમાર (નાનકા)ના ઘરવાળો વિસ્તારમાં સિમેન્ટ કોંક્રીંટવાળો રસ્તાનું કામ |
| ૩ | વોર્ડ નંબર-૧૧માં લુહાર ફળિયા કમલેશભાઈ બી. રાઠોડના(વાયરમેન)ના ઘર પાસેની ગલીમાં સિમેન્ટ કોંક્રીંટવાળો રસ્તાનું કામ |
| ૪ | વોર્ડ નંબર-૧૧માં લુહાર ફળિયા દેવુભાઈ રાઠોડ અબ્રામા ઝોન કચેરીની બાજુનો રસ્તો પેવર બ્લોક નાંખવાનું કામ |
| ૫ | વોર્ડ નંબર-૧૧માં ભંડારી ફળિયામાં બનેલ નવા રસ્તા કીરીટભાઈ દેસાઇના ઘરથી લઈ કોકિલાબેન રાઠોડના ઘર સુધી જ્યાં રસ્તાની હાઇટ ઉંચી છે. ત્યાં વરસાદી પાણીના કારણે રોડની બંને સાઈટે ધોવાણ થતું અટકાવવાના કામે સિમેન્ટ કોંક્રીંટ કરાવવાનું કામ |
| ૬ | વોર્ડ નં.-૨માં બંદર રોડ,મોચીવાડ, લીબર્ટી ચાલની પાસેનો વિસ્તાર,બેજન બાગની આજુબાજુનો વિસ્તારમાં પેવર બ્લોકનું કામ. |
| ૭ | વોર્ડ નં.-૨માં સિપાઈવાડમાં આવેલ સુરેશભાઈ રાણાની ઘર પાસે વરસાદી ગટર બનાવવાનું કામ. |

સ.મ.મંજુર..

કામ નં.-૨૪.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ , ગુ.મ્યુ.ફાઈ.બોર્ડ, ગાંધીનગરના હુકમ ક્રમાંક: મફબ/વ્ય.વેરા (૫૦%) ન.પા./૨૦૨૨-૨૩/૨૦૨૨/૨૦૩૭૨/તા: ૨૮/૧૨/૨૦૨૨ થી વ્યવસાયવેરાની ફાળવેલ ગ્રાન્ટમાંથી કામ કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી પટેલ ભારતી મનોજભાઇ

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા-વલસાડને વ્યવસાય વેરાની પ્રોરેટા ધોરણે મળવાપાત્ર ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. ગુ.મ્યુ.ફાઈ.બોર્ડ, ગાંધીનગરના હુકમ ક્રમાંક: મફબ / વ્ય.વેરા (૫૦%) ન.પા./ ૨૦૨૨-૨૩/ ૨૦૨૨/ ૨૦૩૭૨/ તા:૨૮/૧૨/૨૦૨૨ તથા દ.હુ.ક્રમાંક: મફબ / વ્ય.વેરા/ ગ્રાન્ટ/ ન.પા./ ૨૦૨૨-૨૩/ ૨૦૨૩/ ૧૩૬૦/ તા:૧૩/૦૨/૨૦૨૩ થી ફાળવવામાં આવેલ છે. જે વ્યવસાય વેરા ગ્રાન્ટની રકમ GMFBની માર્ગદર્શિકા મુજબ અગ્રતાક્રમના ધોરણે નીચે મુજબના કામો મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામનું નામ | અંદાજીત રકમ | તાંત્રિક મંજુરી રજીસ્ટર ક્રમાંક |
|---|---|---|---|
| ૧ | છીપવાડ જકાતનાકા નાળાથી અંડરપાસ રેલ્વે ઈસ્ટ સાઈડ, સાંઢપોર પારડી વિસ્તારમાં પેવર બ્લોક બેસાડવાનું કામ | ૧૩,૪૦,૯૦૦/- | ૮૮૩ |
| ૨ | વલસાડ –પારડી પાણીની ટાંકી નાળાથી અંદર રેલ્વે ક્રોસીંગ ઈસ્ટ સાઈડ નાળા વિસ્તારમાં પેવર બ્લોક બેસાડવાનું કામ | ૧૩,૧૨,૪૦૦/- | ૮૮૪ |
| ૩ | મીટ માર્કેટ રીપેરીંગ કરવાનું કામ | - | - |
| ૪ | સોના પ્લોટ સુખારામના ઘરથી ગણેશ વર્માના ઘર સુધી , કવિતાના ઘરથી બાલુના ઘર સુધી , મંગુના ઘરથી અજયના ઘર સુધી , ભાવનાના ઘરથી સુનિલના ઘર સુધી , તથા રાજન નગર ભોલુંના ઘર પાસેની ગલીમાં ડામર રોડનું કામ | ૯,૫૪,૨૦૦/- | - |
| ૫ | શાંતિનગર મેઇન રોડથી શિવાય બંગલો ડામર રોડનું કામ | - | - |
| ૬ | તડકેશ્વર પ્લોટ નિલેષભાઈ દેસાઇના ઘર પાસેનો રોડ | - | - |
| ૭ | સ્વર્ગાશ્રમ મંદિરથી જૈન દેરાસર સુધી ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ | | |
| ૮ | સિપાઈવાડની વરસાદી ગટરનું કામ | - | - |
| ૯ | મોટાબજારથી એવરસાઇન સુધી પેવર બ્લોક બેસાડવા અંગેનું કામ | - | - |
| ૧૦ | સતીમાતા મંદિર પાસે ત્રીમીક્ષ રોડ | - | - |
| ૧૧ | અબ્રામા મલાણીયા તળાવ પર ઓવારો/પગથિયાં બનાવવા અંગેનું કામ | - | - |
| | અંદાજીત રકમ | ૩૬,૦૭,૫૦૦/- | |

સંદર્ભ મુજબ ( ૫૦%)ફાળવેલ ગ્રાન્ટ રૂા.૫૦,૬૧,૧૪૬/-

વ્યવસાય વેરા ગ્રાન્ટ રૂા.૧૫,૪૪,૬૪૮/-

સ.મ.મંજુર..

કામ નં.-૨૫.

વિષય :- તા.૦૪/૦૨/૨૦૨૩ ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ,વલસાડ નગરપાલિકા હસ્તક ચાલતી ઇનોવા ગાડી રજી.નં. GJ-15-G-1162 ની સર્વિસ કંપની ડિલર્સ રાઠોડ કાર પ્રા.લી. બલીથા , વાપી પાસે કરાવેલ, જે અંગેનું આવેલ બીલ રૂ.૩૩,૭૬૫/- પૂરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઋષિકા પી.આહિર

ઠરાવ :

વલસાડ નગરપાલિકા હસ્તક ચાલતી ઇનોવા ગાડી રજી.નં. GJ-15-G-1162 વારંવાર સરકારી કામે ગાંધીનગર, અમદાવાદ વિગેરે જગ્યાઓએ મીટીંગ માટે જવાનું હોય ,સદરહુ બાબતે ઇનોવા ગાડીમાં જરૂરી સર્વિસ કરાવવાની જરૂરિયાત હોય , સદરહુ ગાડીમાં જરૂરી સર્વિસ કરાવવા માટે કંપની ડીલર્સ રાઠોડ કાર પ્રા.લી. બલીઠા, વાપી પાસે કરાવેલ. સદરહુ કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂ.૩૩ ,૭૬૫/- અંકે રૂપિયા તેત્રીસ હજાર, સાતસો પાંસઠ પુરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.-૨૬.</u>

<u>વિષય :-</u> તા.૦૪/૦૨/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ , વલસાડ નગરપાલિકા હસ્તક ચાલતી ઇનોવા ગાડી રજી.નં. GJ-15-G-1162માં ટાયર જૂના થઈ ગયેલ. જે નવા ટાયર નંગ-૦૫ ની ખરીદી એજન્સીશ્રી દિપક ટાયર એન્ડ ઓઇલ સેન્ટર , બેચર રોડ , વલસાડ પાસેથી કરેલ. જે અંગેનું આવેલ બીલ રૂા.૩૯,૫૦૦/- પૂરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી વર્ષાબેન એ.પાનવાલા

<u>ઠરાવ :</u>

વલસાડ નગરપાલિકા હસ્તક ચાલતી ઇનોવા ગાડી રજી.નં. GJ-15-G-1162 માં ટાયર જૂના થઈ જવાથી નવા ટાયર નાંખવાની જરૂરિયાત હોય , સદરહુ કામે નવા ટાયર ખરીદ કરવાના કામે વલસાડ નગરપાલિકા કા.સ.ઠ.નં.-૨૨૨/તા:૧૧/૦૧/૨૦૨૩ થી જરૂરી એજન્સીશ્રી દિપક ટાયર એન્ડ ઓઇલ સેન્ટર , બેચર રોડ, વલસાડનું ભાવપત્રક મંજુર કરવામાં આવેલ છે. જે મંજુર થયેલ ભાવપત્રક મુજબ એજન્સીને જરૂરી વર્કઓર્ડર આપી BRIDGESTONE (205/65R15) કંપનીના ટાયર નંગ-૦૫ ખરીદ કરવામાં આવેલ. જે ખરીદ કરેલ ટાયરનું કુલ બીલ રૂા.૩૯,૫૦૦/-અંકે રૂ.ઓગણચાલીસ હજાર, પાંચસો પુરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મજુર..

કામ નં.-૨૭.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ, ભાડેથી જે.સી.બી. મશીન રાખવામાં આવેલ. જે અંગે રાધે ક્રિશ્ના ટ્રાન્સપોર્ટ, વલસાડનું આવેલ બીલ રકમ રૂ.૧,૧૮,૮૦૦/- પૂરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી પટેલ કિરણભાઇ બી.

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , નગરપાલિકાના આરોગ્ય શાખા મારફત નગરપાલિકાની ડંપિંગ સાઇટ ઉપર ઘન કચરા લેવલીંગ કામે જે.સી.બી. ભાડાથી કા.સ.ઠ.નં.: ૧૧૯/ તા:૨૨/૦૭/૨૦૨૧ થી વર્ક ઓર્ડર આપેલ જે મુજબ સદર એજન્સીએ તા:૧૩/૦૮/૨૦૨૧ થી તા:૨૪/૦૮/૨૦૨૧ સુધી કરેલ કામગીરીના વ.આ.નં.: ૨૭૩૬ થી ૨૭૪૧ કુલ બીલ નંબર: ૦૧ થી ૦૬/ તા: ૨૪/૦૮/૨૦૨૧ થી બીલ વાઇઝ ૧૯૮૦૦/- પ્રમાણે કુલ-૬ બીલના રૂ I.૧,૧૮,૮૦૦/- પૂરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં.-૨૮.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ, આરોગ્ય શાખા મારફત પ્રિ-મોન્સુન કામગીરી કરાવવા માટે માર્વેલ એજન્સી, સ્ટેશન રોડ, વલસાડ દ્વારા કામદારો સપ્લાય કરેલ . જે અંગેનું આવેલ બીલ વ.આ નંબર-૧૨૬૧/તા:૧૭/૦૬/૨૦૨૧ થી રકમ રૂપિયા.૧ ,૫૮,૯૫૦/- પૂરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખા દ્વારા વર્ષ-૨૦૨૧ માં પ્રિમોંસુન કામગીરી કરાવવા માટે વાપીની એજન્સી પાસે કામદારોની માંગણી કરતાં તેઓએ કામદારો ફાળવવા ના પાડતાં વલસાડના અતુલની એજન્સી શ્રી આર્યાનંદ એન્વરીક પ્રા.લિ. પાસે સદર કામગીરી કરાવવાની ચર્ચા કરતાં તેઓના અંગત કારણોસર કામગીરી નહી કરાતા જાહેર આરોગ્યના હીતમાં કામગીરી કરાવવાની આવશ્યકતા જણાતા વલસાડની માર્વેલ એજન્સી , સ્ટેશન રોડ , વલસાડ પાસે આ કામગીરી કરાવવા માટે તેમની એજન્સીને સે.જા.નં.૨૧૪/તા: ૨૫/03/૨૦૨૧ થી વર્કઓર્ડર આપી સે.ક.ઠ.નં.૫૧/તા: ૧૧/૦૯/૨૦૧૯ થી એક કામદાર દીઠ દૈનિક મજુરી ભાવ રૂા.૪૨૫/- ના મંજુર થયેલ ભાવે કુલ-૩૫ સફાઈ કામદારો નગરપાલિકાના આરોગ્ય શાખાને ફાળવેલ અને આરોગ્ય શાખાના વડાના માર્ગદર્શન હેઠળ પ્રમોંસુન કામગીરી ગટર સફાઈ વિગેરે કામગીરી તા: ૦૯/૦૪/૨૦૨૧ થી તા: 30/૦૪/૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન કરેલ. જેનું ફોટોગ્રાફ્સ સહિતના આવેલ કુલ-૨૨ દિવસનું બીલ વ.આ.નં.૧૨૬૧/તા: ૧૭/૦૬/૨૦૨૧ બીલ નંબર: એમ/ વીએનપી/૦૦૧/૨૧ થી રૂા.૧ ,૫૮,૯૫૦/- પૂરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૨૯.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ , આરોગ્ય શાખા મારફત પ્રિ-મોન્સુન કામગીરી કરાવવા માટે માર્વેલ એજન્સી, સ્ટેશન રોડ, વલસાડ દ્વારા કામદારો સપ્લાય કરેલ. જે અંગેનું આવેલ બીલ વ.આ નંબર-૧૨૬૨/ તા: ૧૭/૦૬/૨૦૨૧ થી રકમ રૂપિયા. ૧ ,૦૮,૩૭૫/- પૂરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખા દ્વારા વર્ષ-૨૦૨૧ માં પ્રિમોંસુન કામગીરી કરાવવા માટે વાપીની એજન્સી પાસે કામદારોની માંગણી કરતાં તેઓએ કામદારો ફાળવવા ના પાડતાં વલસાડના અતુલની એજન્સી શ્રી આર્યાનંદ એન્વરીક પ્રા.લિ. પાસે સદર કામગીરી કરાવવાની ચર્ચા કરતાં તેઓના અંગત કારણોસર કામગીરી નહી કરાતા જાહેર આરોગ્યના હીતમાં કામગીરી કરાવવાની આવશ્યકતા જણાતા વલસાડની માર્વેલ એજન્સી , સ્ટેશન રોડ , વલસાડ પાસે આ કામગીરી કરાવવા માટે તેમની એજન્સીને સે.જા.નં.૨૧૪/તા: ૨૫/૦૩/૨૦૨૧ થી વર્કઓર્ડર આપી સે.ક.ઠ.નં.૫૧/તા: ૧૧/૦૯/૨૦૧૯ થી એક કામદાર દીઠ દૈનિક મજુરી ભાવ રૂ।.૪૨૫/- ના મંજુર થયેલ ભાવે કુલ-૩૫ સફાઈ કામદારો નગરપાલિકાના આરોગ્ય શાખાને ફાળવેલ અને આરોગ્ય શાખાના વડાના માર્ગદર્શન હેઠળ પ્રિમોન્સુન કામગીરી ગટર સફાઈ વિગેરે કામગીરી તા: ૦૧/૦૫/૨૦૨૧ થી તા: ૧૫/૦૫/૨૦૨૧ના સમયગાળા દરમ્યાન કરેલ. જેનું ફોટોગ્રાફ્સ સહિતના આવેલ કુલ-૧૫ દિવસનું બીલ વ.આ.નં.૧૨૬૨/તા: ૧૭/૦૬/૨૦૨૧ બીલ નંબર: એમ/ વીએનપી/૦૦૨/૨૧ થી રૂ।.૧ ,૦૮,૩૭૫/- પૂરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૩૦.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ , વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખા મારફત દિવાળીના ધાર્મિક તહેવાર નિમિત્તે વલસાડ શહેર વિસ્તારમાં સફાઈ , ઝાડી ઝાંખરાં કટીંગ, બ્રસીંગ સફાઈ અને ગટર સફાઈ જેવી કામગીરી બે માસ માટે કામદારો તેમજ ટ્રેકટર સહિત ભાડેથી એજન્સી મારફતે મંગાવી કરાવેલ. જે અંગે એજન્સી સપ્તશુંગી લેબર સપ્લાયનું આવેલ બીલ રૂપિયા-૧૪,૨૧,૦૦૦/- પૂરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , આરોગ્ય શાખા દ્વારા દિવાળી જેવા તહેવારો નજીક હોવાથી અને મા. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ વલસાડ સર્કીટ હાઉસ ખાતે રાત્રી રોકાણ કરવામાં આવેલ હોય. જેથી વલસાડ શહેર વિસ્તારમાં સફાઈ , ઝાડી ઝાંખરાં કટીંગ , બ્રસીંગ સફાઈ અને ગટર સફાઈ જેવી કામગીરી સપ્તસુંગી લેબર સપ્લાયર એજન્સી મારફતે તા: ૨૦/૧૦/૨૦૨૨ થી તા: ૧૯/૧૧/૨૦૨૨ સુધી એક માસ માટે કામદારો સપ્લાય બીલ રૂ ।.૪,૯૪,૧૦૦ + રૂા. ૨ ,૧૬,૦૦૦/- ટ્રેકટર સપ્લાય બીલ મળી કુલ રૂા. ૭,૧૦,૧૦૦/- અને બીજા માસ માટે કામદાર સપ્લાય બીલ રૂા.૪,૯૫,૦૦૦/- અને ટ્રેક્ટર સપ્લાય બીલ રૂા.૨ ,૧૬,૦૦૦/- મળી કુલ રૂા.૭ ,૧૧,૦૦૦/- મળી કુલ રૂા.૧૪,૨૧,૦૦૦/- નો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૩૧.

વિષય :- આરોગ્ય શાખા મારફત બિન-વારસી રખડતાં ઢોરના પાંજરાનું રીપેરીંગ કામ એટલાસ એન્જી. વર્કસ, વલસાડ પાસે કરવવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂપિયા-૪૪,૮૦૦/- પૂરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ :

વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખા મારફત શહેરી વિસ્તારમાંથી બિનવારસી રખડતાં ઢોર પકડવાની કામગીરી કરવા માટે વપરાતું પાંજરૂં રીપેરીંગ કરાવવાની જરૂરિયાત પડતાં એટલાસ એન્જીનીયરીંગ, વશીયર પારનેરા પારડી, વલસાડ પાસે કરાવેલ જેનું આવેલ બીલ વ.આ.નં.૫૦૪૪/ તા: ૦૬/૦૧/૨૦૨૩ થી બીલ નંબર : ૫૪/તા: ૦૫/૦૧/૨૦૨૩ થી રૂ ।.૪૪,૮૦૦/- ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૩૨.

વિષય :- આરોગ્ય શાખા મારફત વેક્યુમ મશીન રીપેરીંગ કરવાની કામગીરી કિશાન ટ્રેક્ટર ટ્રેલર , કિલ્લા પારડી-વલસાડ પાસે કરાવેલ. જે અંગેનું આવેલ બીલ નંબર- KTT-૮૨/તા: ૦૭/૦૧/૨૦૨૩ થી રૂપિયા-૧૫,૧૩૯/- તથા બીલ નંબર- KTT-૮૩/તા: ૧૩/૦૧/૨૦૨૩ થી રૂપિયા-૧૬,૮૬૦ /- મળી કુલ રકમ રૂપિયા-૩૧,૯૯૯/- પૂરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ :

વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખા ના વેક્યુમ મશીન રીપેરીંગ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ. સદર વેક્યુમ મશીન રીપેરીંગ કરવાની કામગીરી કિશાન ટ્રેક્ટર ટ્રેલર , કિલ્લા પારડી-વલસાડ પાસે કરાવેલ. જે અંગેનું આવેલ બીલ નંબર- KTT-૮૨/તા: ૦૭/૦૧/૨૦૨૩ થી રૂપિયા-૧૫,૧૩૯/- તથા બીલ નંબર-KTT-૮૩/તા: ૧૩/૦૧/૨૦૨૩ થી રૂપિયા-૧૬,૮૬૦ /- મળી કુલ રકમ રૂપિયા-૩૧ ,૯૯૯/- પૂરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૩૩.

વિષય :- આરોગ્ય શાખામાં ફરજ બજાવતાં કર્મચારી શ્રી ધીરૂભાઈ છગનભાઇ કુંકણા , કાયમી ઝાડુવાળા સફાઈ કામદારનું આવેલ સ્વૈચ્છીક રાજીનામું મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ :

વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખાના કાયમી ઝાડુવાળા સફાઈ કામદાર શ્રી ધીરૂભાઈ છગનભાઇ કુંકણાની સર્વિસ બુકને આધારે તેઓ તા:૦૧/૧૧/૧૯૯૪ થી કાયમી ઝાડુવાળા સફાઈ કામદારતરીકે ફરજ બજાવતાં આવેલ છે. અને તેઓ સને વર્ષ-૨૦૨૫ માં નિવૃત્ત થશે. પરંતુ હાલે તેઓ ઘણા સમયથી શારિરીક અશક્ત હોય , જેથી તેઓએ ફરજમાંથી સ્વૈચ્છિક રાજીનામું મુકવા માટે તા: ૦૩/૦૧/૨૦૨૩ ના રોજ નગરપાલિકાને વ.આ.નં.૫૦૦૨/તા:૦૪/૦૧/૨૦૨૩ ના રોજ અરજી આપેલ છે.

સદર કર્મચારી નિયમીત ફરજ બજાવી શકવા માટે અસમર્થ છે. જેથી ના. સરકારશ્રીની જી.સી.આર. (પેન્શન યોજના) ના નિયમો -૨૦૦૨ ના પ્રકરણ (૩) નિવૃત્તિ ૫ (પાંચ) ની જોગવાઈ આ નિયમના પેટા નિયમ (૧) અને (૨) માં કોઈપણ મજકુર હોય , તેમ છતાં નીચેના કિસ્સા મુજબના કોઈપણ કર્મચારી ૦૩ માસથી ઓછી નહી તેવી લેખિત નોટીશ યોગ્ય અધિકારીશ્રીને આપી નિવૃત્ત થઈ શકશે. (૧) પેટા નિયમ (૪) (ક) (૧) માં દર્શાવેલ સરકારી કર્મચારીઓ પચાસ વર્ષની ઉંમર પુરી થયેથી (૨) પેટા નિયમ-૪ (ક) (૨) અને ૪ (અ) માં દર્શાવેલ સરકારી કર્મચારીઓ , પંચાવન વર્ષની ઉંમર પુરી થયેથી નિયમોનુસાર નિવૃત્તિ લઈ શકશે. અરજદાર કર્મચારી સદર નિયમો હેઠળ પાત્રતા ધરાવે છે. તેમજ તેમની શારિરીક નબળાઈ અને તંદુરસ્તીને ધ્યાને લેતા તેઓ હવે પછી ફરજ પર હાજર થઈ શકે તેવી સ્થિતીમાં ન હોઈ, તેમની તા: ૦૩/૦૧/૨૦૨૩ ના રોજથી આવેલ અરજી અંગે તેઓની સ્વૈચ્છિક નિવૃત્તિ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**જ.બો.ઠ.નં.૧૬૪/તા:૧૬/૦૨/૨૦૨૩**

કામ નં.-૩૪.

વિષય :- આરોગ્ય શાખાના જન્મ-મરણના નોંધ રજીસ્ટર ફોર્મ નં-૭ અને ૮, શિવમ પ્રિન્ટર્સ, ખડકી ભાગડા, વલસાડ પાસે છપાવવા,બાઈન્ડીંગ વિગેરેની કામગીરી કરાવેલ.જે અંગેનું આવેલ બીલ રૂ.૨૮૫૧૨/-મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ :

આરોગ્ય શાખાના જન્મ-મરણ વિભાગ માટે જન્મ-મરણના નોંધ રજીસ્ટર ફોર્મ નં-૭ તથા મરણના રજીસ્ટર ફોર્મ નં-૮, છપાવવા તથા કેન્વાસ બાઈન્ડીંગ સાથેના ભાવ શિવમ પ્રિન્ટર્સ, ખડકી ભાગડા, વલસાડની એજન્સીના વાર્ષિક કરાર આધારિત મંજુર થયેલ છે. સદર મંજુર થયેલ ભાવે સદર એજન્સી પાસે કામગીરી રજીસ્ટર બાઈન્ડીંગ વિગેરે કામગીરી કરાવેલ જેનું આવેલ બીલ વ.આ.નં.:૫૩૫૪/ તા.:૨૦/૦૧/૨૦૨૩નું બીલ નંબર:૭૧/ તા.:૨/૦૧/૨૦૨૩ થી રૂ.૨૮૫૧૨/-અંકે રૂ. અઠ્ઠાવીસ હજાર, પાંચસો બાર પુરાનું બીલ બનાવી તે અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૩૫.

વિષય :- આરોગ્ય શાખા મારફતે રખડતાં બિનવારસી ઢોરોને પકડી, લાલજી વેલજી શાહ એન્કરવાળા (ગોશાળા)માં મોકલવામાં આવેલ જેના નિભાવણી ખર્ચના આવેલ બીલ રૂ.૪૦,૦૦૦/-મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ :

નગરપાલિકા હદ વિસ્તારમાંથી રખડતા બિનવારસી ઢોરોને પકડવા માટે હાઇકોર્ટના આદેશ અનુસાર તાત્કાલિક ઢોરો પકડવાની કામગીરી નગરપાલિકાના આરોગ્ય શાખાના કર્મચારીઓ દવારા પકડી તેને વલસાડ સ્થિત ગુંદલાવ ખાતે શ્રી લાલજી વેલજી શાહ એન્કરવાળા (ગોશાળા) ખાતે એક ઢોર દીઠ નિભાવણી ખર્ચના રૂ.૮૦૦૦/- લેખે જમા લેવા ગોશાળાના સંમતીપત્ર આધારે મોકલવામાં આવેલ જે મુજબ લાલજી વેલજી શાહ એન્કરવાળા (ગોશાળા)નું આવેલ બીલ વ.આ.નં.:૫૩૪૭/તા.:૧૯/૦૧/૨૦૨૩ થી બીલ નંબર:૨૬ / તા.:૧૯/૧૨/૨૦૨૩ થી કુલ-૫,(પાંચ) ઢોરના ૮૦૦૦/-રૂ. લેખે ૪૦૦૦૦/-અંકે રૂ. ચાલીસ હજારનું બીલ તેમના નામે બનાવી ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રી અને મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૩૬.

વિષય :- સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૨.૦ અંતર્ગત મિશન ડાયરેક્ટરશ્રી , સ્વચ્છભારત મિશન અર્બન ગુજરાત , ગાંધીનગરના હુકમ ક્રમાંક સભમ/૧૦૨૦૨૨/૨૦૫૮/ SBM/૮૮૭/તા: ૦૬/૦૮/૨૦૨૨ થી નગરપાલિકાને રૂા.૧,૬૪,૦૦૦,૦૦/- ની ફાળવણી કરવામાં આવેલ. જેના સૈદ્ધાંતિક મંજૂરી આપેલ કામોની કામગીરી હાથ ધરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી હિતેશભાઈ આઈ.પટેલ

ઠરાવ :

મે.મિશન ડાયરેક્ટરશ્રી, સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાત, ગાંધીનગરના હુકમ ક્રમાંક સભમ / ૧૦૨૦૨૨ /૨૦૫૮ /SBM /૮૮૭ /તા.:૦૬/૦૮/૨૦૨૨થી સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૨.૦ કાર્યક્રમ અંતર્ગત નીચે મુજબ પાંચ કામો કરવા માટે જણાવેલ છે.

1.Sustainable Solid Waste Management

2. Sustainable Sanitation

3.Used water management

4.IEC / BCC

5.Capacity Building (CB)

ઉપર જણાવેલ કામો કરવા માટે વલસાડ નગરપાલિકાને સદર કચેરી તરફથી રૂ.૧.૬૪લાખની ગ્રાન્ટ પણ ફાળવવામાં આવેલ છે. આ પાંચ કામો પૈકી વલસાડ નગરપાલિકાએ કામ 1. Sustainable Solid Waste Management અંતર્ગત નગરપાલિકાની જૂની ડમ્પસાઈટ ઉપર જુનો લેગેસી વેસ્ટ જે અંદાજે ૪૦ હજાર ટનની આજુબાજુ જમા છે. તેનો વેજ્ઞાનિક ઢબે નિકાલ કામે સદર ફાળવેલ ગ્રાન્ટ વાપરવાનું નક્કી કરવામાં આવે છે.

નગરપાલિકાને ફાળવેલ સદર ગ્રાન્ટ નગરપાલિકાની જૂની ડમ્પસાઈટ ઉપર નિકાલ કર્યા વગરના બાકી 40 હજાર ટન જેટલો લેગેસી વેસ્ટનો નિકાલ કરવા કામે આપેલ માટે વાપરવાનું એટલા માટે નક્કી કરવામાં આવેલ છે કે નગરપાલિકાએ સને 2019 -૨૦૨૦ ના વર્ષમાં સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાત ગાંધીનગરની કચેરી તરફથી યોજાતી Video Conference માં આપેલ સૂચનાને આધારે નગરપાલિકાએ અમદાવાદની એજન્સીએ શ્રી આર્યાનંદ એન્વરિક પ્રાઇવેટ લિમિટેડ પાસે DPR તૈયાર કરાવેલ હતો. તેમાં લેગેસી વેસ્ટનો જથ્થો અંદાજે 68000/-ટન જેટલો બતાવેલ હતો.જેની સામે નગરપાલિકાએ નિયમ મુજબની કાર્યવાહી કરી ઈ-ટેન્ડરીગથી લેગેસી વેસ્ટનો નિકાલના ભાવો તા.:03/11/2020ના રોજના દિવ્ય ભાસ્કર દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત પ્રસિદ્ધ કરાવી ભાવો મંગાવેલ હતા.સમય મર્યાદામાં આવેલ 2 ભાવો પૈકી ગાંધીનગરની એજન્સી અર્બન સોલ્યુશન 360નું ટેન્ડર નીચા ભાવનું આવેલ હતું. જે ટેન્ડરને કારોબારી સમિતિ ઠરાવ નંબર-285 તા.02/12 /2020થી મંજુર કરી વર્ક ઓર્ડર આપેલ હતો.સદર એજન્સીને અંદાજે 28000 ટન ઉપર લેગેસી વેસ્ટનો નિકાલ ડમ્પસાઈટ ઉપરથી કરેલ હતો.હજુ ડમ્પસાઈટ ઉપર અંદાજે 40000/-ટન જેટલો લેગેસી વેસ્ટ જમા હોય જેનો નિકાલ થવો જરૂરી હોય તે બાબતને ધ્યાનમાં લઇ નગરપાલિકાને ફાળવેલ આ ગ્રાન્ટ લેગેસી વેસ્ટના નિકાલ કામે વાપરવાનો અને તે બાબતની વહીવટી મંજુરી સક્ષમ સત્તાધિકારી પાસેથી મંગાવવા અંગે આગામી નિયમોનુસારની જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**જ.બો.ઠ.નં.૧૬૭/તા:૧૬/૦૨/૨૦૨૩**

કામ નં.-૩૭.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટી તથા મ્યુનિ.હો.ક.ઠ.નં.૯/તા:૧૧/૦૮/૨૦૨૧ થી ઠરાવ્યા મુજબ ,વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિ. હોસ્પિટલ બિલ્ડીંગમાં ફાયર હાઇડ્ન્ટ સિસ્ટમ લગાવેલ. જે અંગેનું નેશનલ ફાયર સર્વિસ , વાપીનું આવેલ બીલ રૂપિયા-૭ ,૯૮,૦૬૬/- પૂરા મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી પટેલ ભારતી મનોજભાઇ

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા મ્યુનિસિપલ હોસ્પિટલને સરકારશ્રી દ્વારા ડી.સી.એચ.સી. જાહેર કરવામાં આવેલ છે. સદરહુ ડી.સી.એચ.સી.માં કોવિડ-૧૯ ને લગતા દર્દીઓની સારવાર કરવામાં આવે છે. કોવિડ-૧૯ ની મહામારીને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા સમયાંતરે વિવિધ એસ.ઓ.પી. (ગાઈડ લાઇન) બહાર પાડવામાં આવે છે. તેને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા ફાયર સેફ્ટી અન્વયેની ગાઈડ લાઇન બહાર પાડવામાં આવેલ છે. કે દરેક હોસ્પિટલમાં ફાયર સેફ્ટી હોવી અનિવાર્ય છે. જે અન્વયે વલસાડ નગરપાલિકા હોસ્પિટલ કમીટી ઠરાવ નંબર: ૩૦/ તા: ૨૬/૦૨/૨૦૨૧ થી સદરહુ કામ કરવા સબંધે ઠરાવ કરવામાં આવેલ છે. તેમજ સદરહુ કામની અગત્યતાને ધ્યાને લઈ કામ સત્વરે કરવું અતિજરૂરી હતું. જેને ધ્યાને લઈ સ્થાનિક બજારમાંથી કોટેશન મંગાવી કામ કરવાનું નક્કી કરવામાં આવતા નેશનલ ફાયર સર્વિસ વાપી પાસે ભાવો મંગાવી કામગીરી કરાવવામાં આવેલ છે. જે અંગે નેશનલ ફાયર સર્વિસનું વલસાડ નગરપાલિકા આવક નંબર - ૨૦૪૧/ તા: ૨૮/૦૭/૨૦૨૧ થી રૂ ા.૭,૯૮,૦૬૬/- પુરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**જ.બો.ઠ.નં.૧૬૮/તા:૧૬/૦૨/૨૦૨૩**

કામ નં.-૩૮.

વિષય :- તા.૦૪/૦૨/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા તેમજ હો.ક.ઠ.નં.૧૭૬/તા.:૧૯-૧૦-૨૦થી મંજુર થયા મુજબ, મ્યુની. હોસ્પીટલમાં મેઈલ /ફીમેઇલ વોર્ડમાં ચાદર, ધાબળા,કવર વિગેરે ધોલાઈ / સફાઈ કરાવવાની કામગીરી, કેશવજી કલિનર્સ,વલસાડ પાસે કરાવેલ.જે અંગેનું આવેલ વાર્ષિક બીલ રૂ.૪૬૮૯૧.૪૩ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી પટેલ ભારતી મનોજભાઇ

ઠરાવ :

તા.૦૪/૦૨/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટી તથા હો.ક.ઠ.નં.૧૭૬/તા.:૧૯-૧૦-૨૦ ની ભલામણ મુજબ, મ્યુની. હોસ્પીટલમાં મેઈલ /ફીમેઇલ વોર્ડમાં ચાદર, ધાબળા,કવર વિગેરે ધોલાઈ / સફાઈ કરાવવાની જરૂરિયાત સંદર્ભે કામગીરી કેશવજી કલિનર્સ, વલસાડ પાસે કરાવેલ. જે અંગેનું આવેલ વાર્ષિક બીલ રૂ.૪૬૮૯૧.૪૩ છેતાલીસ હજાર, આઠસો એકાણું , તેતાલીસ પૈસા પુરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૩૯.

વિષય :- તા.૦૪/૦૨/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ ,વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુની. હોસ્પીટલમાં PSA ઓક્સીજન પ્લાન્ટ ( જનરેટર ) માટે MCB તેમજ ઇલેક્ટ્રિક માલ-સામાન ખરીદ કરવા માટેના આવેલ ભાવપત્રકો મંજુર કરવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી પટેલ જેષ્ટિકા દર્શન

ઠરાવ :

તા.૦૪/૦૨/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ ,વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુની. હોસ્પીટલમાં PSA ઓક્સીજન પ્લાન્ટ ( જનરેટર ) ચાલુ કરતી વખતે ઇલેક્ટ્રિક પાવર ચાલુ બંધ થઇ જાય છે. જેથી સદરહું સમસ્યાને નિવારવા માટે જરૂરી MCB તેમજ ઇલેક્ટ્રિક માલ-સામાન ખરીદ કરવાની જરૂરિયાત હોય, તો સદરહું કામે એજન્સીના કુલ-૦૩ ભાવપત્રકો અત્રેની કચેરીએ આવેલ,જે આવેલ ભાવો ચીફ ઓફીસરશ્રી રૂબરૂ ખુલ્લા કરવામાં આવતાં, જે ખુલ્લા કરવામાં આવેલ ભાવપત્રકોમાં ભાવો જોતાં એજન્સી શ્રી પાવર કંટ્રોલ ઇન્ડસ્ટ્રીઝ, વલસાડના ભાવો કુલ-૧,૬૨,૪૦૮/- પુરા ઓછા ભાવો આવેલ છે. જેથી સદરહું ઓછા આવેલ ભાવોથી જરૂરી MCB તેમજ ઇલેક્ટ્રિક માલ-સામાન ખરીદ કરવા માટે એજન્સી શ્રી પાવર કંટ્રોલ ઇન્ડસ્ટ્રીઝ, વલસાડનું આવેલ ભાવપત્રક ( Qu.No.22-23 /PCI /Q /253) મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૪૦.

વિષય :- તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ , આર.પી.એફ. મેદાનથી બુધ્ધ ભગવાનના મંદિર સુધીના વિસ્તારમાં ઇન્ચાર્જ લાઈટ શાખાના રીપોર્ટમાં જણાવ્યા મુજબ લાઈટના પોલ, ફોર કોર આર્મર કેબલ, પી.વી.સી.જંકશન બોક્ષ, વિગેરેની કામગીરી કરાવવા અંગેના કામે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

તા.૧૧/૦૧/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ, આર.પી.એફ મેદાનથી બુધ્ધ ભગવાનના મંદિર સુધીની સર્વે કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. જે અનુસાર નીચે મુજબની સામગ્રીની જરૂરિયાત હોય, જે કૌષ્ટક સ્વરૂપે સામેલ છે.

| અ.નં | વિગત | નંગ |
|---|---|---|
| ૧ | ધ. રોડ જકાતનાકાથી ટેલિફોન ગોડાઉન સુધી ડિવાઈડરમાં | ૧૦ પોલ (૨ લાઇટ) + ૨ પોલ ( ૪ લાઇટ) = ૧૨ પોલ |
| ૨ | પેવર બ્લોક ડિવાઈડરમાં , જય વિજય એપાર્ટ જતાં | ૪ પોલ (૨ લાઇટ) + ૧ પોલ (૪ લાઇટ) = ૫ પોલ |
| ૩ | મહાદેવ મંદિર પાછળ બુધ્ધ ભગવાનના મંદિર સુધી | ૧૦ પોલ (સિંગલ લાઇટ) |
| ૪ | ટેલિફોન ગોડાઉન થી નવજીવન સોસાયટી આગળ ટર્નિંગ સુધી | ૪ પોલ (સિંગલ લાઇટ) |
| ૫ | ફોર કોર આર્મર કેબલ | ૮૦૦ મીટર |
| ૬ | પી.વી.સી. જંકશન બોક્ષ | ૩૧ નંગ |
| ૭ | કેબલ ગ્લાન્ટ | ૬૨ નંગ |
| ૮ | ૭૦ વોટ્ટ લાઇટ | ૫૪ નંગ |

ઉપરોક્ત જણાવેલ કામો મંજુર કરવા અંગે જરૂરી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૪૧.

વિષય :- તા.૦૪/૦૨/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ, વારિગૃહ હેડ વર્કસ માટે, ૩ ટન કેપેસીટીના વાયર રોફ હોઈસ્ટ અને ક્લેમ્પસેલ ગ્રેપબકેટ ૦.૫ ક્યુલીક મીટર ઇન્ટેકવેલની સફાઈ માટેનો એસ્ટીમેઈટ રૂા.૧૦,૧૬,૧૦૦/- મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

તા.૦૪/૦૨/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ ,વલસાડ નગરપાલિકાના વારિગૃહ હેડ વર્કસ ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ આવેલ છે. ઔરંગા નદી પર નગરપાલિકા હસ્તકનો ડેમ બનાવવામાં આવેલ છે. જેમાંથી રો-વોટર ઉપાડવામાં આવે છે. જેના માટે નદીમાં બે ઇન્ટેકવેલ બનાવવામાં આવેલ છે. ચોમાસા દરમ્યાન નદીમાં પૂર આવે છે. જેમાં પાણી સાથે રેતી , ગ્રાવલ તેમજ કચરો ઘસડાઇને આવે છે. જે ઇન્ટેકવેલમાં જમા થવાથી ઇન્ટેકવેલમાં ઊંડાઈ ઓછી થઈ જાય છે. જેથી સદર જમા થયેલ રેતી, ગ્રાવલ તેમજ કચરો કાઢવાની ખાસ જરૂરી હોય , ઇન્ટેકવેલની ઊંડાઈ ૪૦ થી ૪૫ ફૂટની હોય જેની સફાઈ કરવામાં મુશ્કેલી પડતી હોય , જેથી રજુ કરેલ ફોટોગ્રાફ્સમાં બતાવ્યા મુજબ providing supplying erecting & installation of 3 ton capacity electrical wire rope hoist with c.t and single rope mechanical clamshell grab bucket 0.5 m3. ખરીદી કરવામાં આવે તો ઇન્ટેકવેલની સફાઈ કરવાની સરળતા રહે. સદર ખરીદી અંગેના એસ્ટીમેઈટ રૂા.૧૦ ,૧૬,૧૦૦/-અંકે રૂ.દશ લાખ, સોળ હજાર, એકસો પુરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૪૨.

વિષય :- તા.૦૪/૦૨/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ ,વારિગૃહ શાખા માટે વારિગૃહનો સામાન ફેરવવા , મોટર ફેરવવા, કામદારો ફેરવવા ઈમરજન્સી માટે બોલેરો કેમ્પર ગોલ્ડ ZX વાહન ખરીદી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

તા.૦૪/૦૨/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ ,વલસાડ નગરપાલિકાના વારિગૃહ હેડ વર્કસ ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ આવેલ છે. ઔરંગા નદી પર નગરપાલિકા હસ્તકનો ડેમ બનાવવામાં આવેલ છે. જેમાંથી રો-વોટર ઉપાડવામાં આવે છે. જેના માટે નદીમાં બે ઇન્ટેકવેલ બનાવવામાં આવેલ છે. ચોમાસા દરમ્યાન નદીમાં પૂર આવે છે. આવા સંજોગોમાં તેમજ મોટરોના તથા ટ્રાન્સફોર્મરના રીવાઈન્ડીંગ કરવાના કામે વારંવાર ભાડાનું વાહનની વ્યવસ્થા કરવી પડતી હોય , તેમજ ભાડાના વાહન માટે વાર્ષિક ભાવો મંગાવવાની કાર્યવાહી કરવામાં આવતી હોવા છતાં કોઈ પણ ટ્રાન્સપોર્ટરો ટેન્ડરો ભરતા ન હોવાનું જણાય આવેલ છે. સદરહુ કામે ટ્રાન્સપોર્ટરોને ટેન્ડર ન ભરવાનું કારણ પુછતાં નાના કામો માટે ભાડાની રકમ વાર્ષિક ભાવમાં નીચા ભરવા પોસાય તેમ ન હોય તેવું તેઓ દ્વારા જણાવવામાં આવેલ છે. જેથી ઉપરોક્ત કામે વારિગૃહ શાખા માટે જરૂરી એવું મહિન્દ્રા & મહિન્દ્રા કંપનીનું મહિન્દ્રા બલેરો કેમ્પર ગોલ્ડ ZX DSVI જેની અંદાજીત રકમ સરકારશ્રીના GEM પોર્ટલ ઉપર રૂા.૮ ,૭૮,૫૪૭/-દર્શાવેલ છે. જેને ધ્યાને લઈ સરકારશ્રીની ૧૫માં નાણાપંચની (ટાઈડ /અનટાઈડ) ગ્રાન્ટમાંથી ખરીદ કરવા તથા સદરહુ કામની તાંત્રિક મંજુરી મેળવવા અંગે આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૪૩.

વિષય :- તા.૦૪/૦૨/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ ,વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જગન્નાથ મંદિર પાસે ની પાઇપ લાઇન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૨ ,૪૯,૮૭૫/- ની મર્યાદામાં કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

તા.૦૪/૦૨/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ ,વલસાડ નગરપાલિકા હદ વિસ્તારના જગન્નાથ મંદિર પાસે (સભ્યશ્રી સોનલબેનના ઘર પાછળથી ઉતરતો ટેકરા ) પાસેના ડ્રેનેજ સંદર્ભે ત્યાંના રહીશો દવારા વારંવાર ફરિયાદો આવતી હોય તે સંદર્ભે અત્રેની શાખા દવારા સફાઈની કામગીરી કરાવવામાં આવતી હોય છે તેમ છતાં સદરહું ફરિયાદનો નિકાલ ન થતો હોય જેને ધ્યાને લઇ સદરહું જગ્યાની રૂબરૂ મુલાકાત દરમ્યાન સદરહું જગ્યાની પાઈપ લાઈન બેસી ગયેલ હોય જે સત્વરે બદલવાની જરૂરીયાતને ધ્યાને લઇ વલસાડ નગરપાલિકા દવારા ભાવો ઈ-ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી ટેન્ડરો મંગાવ્યા બાદ સદરહુ ટેન્ડરો ડ્રેનેજ કમિટી ઠરાવ નંબર : ૦૪/તા.:૧૨/૦૧/૨૦૨૧ ની ભલામણથી કા.સ.ઠ.નં.૧૫૬/તા.:૦૬/૦૯/૨૦૨૧ થી મંજુર કરવામાં આવેલ છે. સદરહું ટેન્ડર અન્વયે કરેલ એગ્રીમેન્ટ અન્વયેની અ.નું.૧ થી ૧૦ અન્વયેની આઈટમો મંજુર થયેલ છે. તેમજ સને : ૨૦૨૨-૨૩ના વર્ષ માટે વલસાડ નગરપાલિકા દવારા ઈ-ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવતાં સદરહું ટેન્ડરમાં અન્વયે કોઈપણ ટેન્ડર જણાવેલ સમયમર્યાદામાં આવેલ નથી જેને ધ્યાને લઇ ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે વર્ષ:૨૦૨૦-૨૧ના મંજુર થયેલ ટેન્ડરને વર્ષ : ૨૦૨૨-૨૩ના રીટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધીના સમયગાળા માટે ઉપરોક્ત જણાવેલ પાઈપ લાઈન નાખવાનો અંદાજીત રકમ રૂ. ૨,૪૯,૮૭૫/- ની મર્યાદામાં ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૪૪.

વિષય :- તા.૦૪/૦૨/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીમાં ઠરાવ્યા મુજબ ,વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ડ્રેનેજ લાઇનના ચેમ્બરો રીપેરીંગ કરવા/નવા બનાવવા અંગે રીટેંડરીંગની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધીના સમયગાળા માટે રૂા.૫ ,૦૦,૦૦૦/- ની મર્યાદામાં ખર્ચ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ
ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

તા.૦૪/૦૨/૨૦૨૩ની મળેલ કારોબારી કમિટીની ભલામણ મુજબ , વલસાડ નગરપાલિકા દ્વારા આપવામાં આવતી ડ્રેનેજની સુવિધા આપવામાં આવેલ વિવિધ કામગીરી કરવા અર્થે મુકવામાં આવેલ કર્મચારી / મુકાદમ દવારા જણાવવામાં આવેલ છે. તેમજ સરકારશ્રી દવારા અંદર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્કને સાફ સફાઈ કરવા સંદર્ભે એજન્સી નક્કી કરવામાં આવનાર હોય ઉક્ત બાબતે અત્રેની કચેરી દવારા પાઈપ લાઈનના ડેટા સુપ્રત કરવામાં આવેલ છે. જે સંદર્ભે ચેમ્બરો ખુલ્લા કરવાની જરૂરિયાત હોય તેમજ વલસાડ નગરપાલિકાના સભ્યશ્રીઓ દવારા કરવામાં આવેલ જુદા જુદા વિસ્તારોમાં લગભગ -૧૦૦ ચેમ્બરો રીપેરીંગ કરવાની રજૂઆત અંગેના ચેમ્બરો પ્રાથમિકતાના ધોરણે રીપેરીંગ કરાવવાની જરૂરિયાત હોય તે માટે વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખા દવારા વર્ષ : ૨૦૨૦-૨૧ના વર્ષ માટે વાર્ષિક ભાવો ઈ-ટેન્ડર પ્રકિયા પૂર્ણ કરી ટેન્ડરો મંગાવ્યા બાદ સદરહું ટેન્ડરો ડ્રેનેજ કમિટી ઠરાવ નંબર : ૦૪/તા.:૧૨/૦૧/૨૦૨૧ ની ભલામણથી કા.સ.ઠ.નં.૧૫૬/તા.:૦૬/૦૯/૨૦૨૧ થી મંજુર કરવામાં આવેલ છે. સદરહું ટેન્ડર અન્વયે કરેલ એગ્રીમેન્ટ અન્વયેની અ.નું.૧ થી ૧૦ અન્વયેની આઈટમો મંજુર થયેલ છે. તેમજ સને : ૨૦૨૨-૨૩ના વર્ષ માટે વલસાડ નગરપાલિકા દવારા ઈ-ટેન્ડર પ્રકિયા કરવામાં આવતાં સદરહું ટેન્ડરમાં અન્વયે કોઈપણ ટેન્ડર જણાવેલ સમયમર્યાદામાં આવેલ નથી જેને ધ્યાને લઇ ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે વર્ષ:૨૦૨૦-૨૧ના મંજુર થયેલ ટેન્ડરને વર્ષ:૨૦૨૨-૨૩ના રીટેન્ડરની પ્રકિયા પૂર્ણ ન થાય ત્યાં સુધીના સમયગાળા માટે રૂ. ૫,૦૦,૦૦૦/-(પાંચ લાખ) ની મર્યાદામાં ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.-૪૫.

વિષય :- વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ અબ્રામા-મોગરાવાડી તથા શહેરી વિસ્તારમાં આવેલ ડ્રેનેજ કનેકશનોને નિયમિત કરવા સંદર્ભે નીતી બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ : સદર કામનો સમાવેશ તા:૩૧/૦૭/૨૦૨૧ ની સામાન્ય સભામાં થઈ ગયેલ હોય. જેથી સદર કામે નિર્ણય લેવાનો રહેતો નથી.

સ.મ.મંજુર..

કામ નં.-૪૬.

વિષય :- વલસાડ નગરપાલિકા હસ્તક મોગરાવાડી મહાત્મા ગાંધી હોલના ઉપયોગ માટે ભાડાના દર તથા શરતો બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી ઉર્મિ એ.દેસાઇ

ઠરાવ :

નગરપાલિકા હસ્તક મોગરાવાડી મહાત્મા ગાંધી હોલનાં ઉપયોગ માટે ભાડાનાં દર તથા શરતો નીચે મુજબ નક્કી કરવામાં આવે છે. જે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) મહાત્મા ગાંધી હોલનો ગ્રાઉન્ડ ફ્લોર અને ઉપરનો હોલનાં યુનિટ અલગ-અલગ ગણવામાં આવશે.

(૨) હોલ ઉપયોગ કરનારે લેખિતમાં જે તે ઉપયોગની તારીખની સમય સાથે અરજી કરવાની રહેશે. અરજી સાથે રૂ.૩૦૦૦/- અંકે રૂપિયા ત્રણ હજાર ડીપોઝીટ પેટે જમા કરવાના રહેશે.

(૩) દરેક યુનિટનું ભાડું રૂ.૧૦૦૦/-અંકે રૂપિયા એક હજાર એક દિવસનું રહેશે. ભાડું આખું દિવસનું જ ગણવામાં આવશે.

(૪) હોલની પાછળનો ભાગ કિચન તરીકે ઉપયોગ કરવાનાં અલગ રૂ.૭૫૦/- અંકે રૂપિયા સાતસો પચાસ પ્રમાણે વસુલ થશે.

(૫) સફાઈ અંગે રૂ.૨૫૦/- અંકે રૂપિયા બસો પચાસ પ્રમાણે વસુલ થશે.

(૬) વીજ વપરાશ યુનિટ દીઠ રૂ.૧૫/-અંકે રૂપિયા પંદર લાગશે.

(૭) વપરાશ દરમ્યાન હોલની મિલકતની નુકશાનીનો ખર્ચ ભાડે રાખનાર પાસેથી વસુલ લેવામાં આવશે.

(૮) ૧૮%જી.એસ.ટી. અલગથી વસુલ કરવામાં આવશે.

(૯) હોલ ઉપયોગ માટે ફાળવવો તથા બુકિંગ રદ કરવાનો સંપૂર્ણ અધિકાર નગરપાલિકાને રહેશે.

(૧૦) અનિવાર્ય સંજોગોમાં હોલ બુક કરાવનાર બુકિંગ રદ કરે તો ભાડા પેટે ૫૦% વસુલ લેવાનાં થશે.

(૧૧) સરકારી તથા જાહેર કાર્યકમો માટે નગરપાલિકાની મંજુરીથી ફાળવવામાં આવશે.

સ.મ.મંજુર..

કામ નં.-૪૭.

વિષય :- સભ્યશ્રી ગિરીશભાઇ બી.દેસાઇની તા:૦૭/૦૧/૨૦૨૩ ની આવેલ અરજી અંગે જરૂરી ચર્ચા થવા બાબત..

દ.મુ. : શ્રી છાયાબેન યુ.પટેલ

ટે.આ : શ્રી વશી નિતેશભાઈ એમ.

ઠરાવ : સભ્યશ્રી ગિરીશભાઇ બી.દેસાઇની તા:૦૭/૦૧/૨૦૨૩ ની આવેલ અરજી અંગે જરૂરી ચર્ચા વિચારણા કરી જરૂરી સુચનો કરવામાં આવ્યા.

સ.મ.મંજુર..

કામ નં.-૪૮.

વિષય :- ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ – ૫૧ (૩) હેઠળ સભ્યશ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણની આવેલ દરખાસ્ત અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. : શ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણ

ટે.આ : શ્રી રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ – ૫૧ (૩) હેઠળ સભ્યશ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણની આવેલ દરખાસ્તમાં જણાવ્યા મુજબ વોર્ડ નંબર-૧૧ માં આવેલ ભંડારી ફળિયાના રસ્તાનું કામ હાલમાં પૂર્ણ થયેલ છે. સદર ભંડારી ફળિયાથી હાઇવે તરફ જતાં રસ્તાનું નામ સેવાભાવી વ્યક્તિની યાદમાં " સ્વ.ભંડારી લલ્લુભાઈ કલ્યાણજી" નામકરણ કરવા નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.૧:

વિષય.: વારિગૃહ શાખાના ચેમ્બર બનાવવા અંગે શ્રી શાંતિલાલ કે.બારૈયાનું આવેલ બીલ રૂ ા.૬૬૯૬૫/- પુરાનો ખર્ચ મંજુર કરવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકા વારિગૃહ શાખામાં મેઇન લાઇનમાં જોઇન્ટ ઉપર બનાવેલ ચેમ્બર શ્રી શાંતિલાલ કે.બારૈયા દ્વારા કામગીરી કરવામાં આવેલ. જે અંગેનું આવેલ બીલ રૂા.૬૬૯૬૫/- પુરા ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૨:

વિષય.: તા.પં. વલસાડની કચેરી માટે મ્યુનિ. ઘાસવાલા સ્કુલમાં જગ્યા ફાળવી આપવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકા વહીવટી શાખામાં તા.૧૪/૦૨/૨૦૨૩ ના રોજ તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયત કચેરી વલસાડની અરજીમાં જણાવ્યા મુજબ તાલુકા પંચાયત કચેરી નવી બનાવવાની હોય ચાલુ હયાત મકાન તોડી પાડવામાં આવનાર છે. જેથી તાલુકા પંચાયત કચેરીના અધિકારીઓશ્રી પદાધિકારીઓશ્રી તથા સ્ટાફ તેમજ કચેરીના જરૂરી રેકર્ડ માટે વૈકલ્પિક જગ્યા સ્વરૂપે મ્યુનિ. ઘાસવાળા શાળા બેચર રોડ વલસાડના કુલ આંઠ(૮) ઓરડા તાલુકા પંચાત કચેરી માટે ફાળવી આપવા માંગણી કરેલ છે. અંદાજીત ૨.૫ થી ૩ વર્ષ માટે સરકારશ્રીના ધારાધોરણ મુજબ ન્યૂનતમ માસિક ભાડા પેટે આપવા જણાવેલ છે. સદર બાબતે નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૩:

વિષય.: રખડતાં ઢોરોના નિભાવણી ખર્ચ અંગેનું શ્રી લાલજી વેલજી એન્કરવાળાનું બીલ નંબર-૨૯ થી રૂ।.૪૦,૦૦૦/- પુરાનું આવેલ જેનું ચુકવણું કરવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાંથી રખડતા બિનવારસી ઢોરોને પકડવા માટે હાઇકોર્ટના આદેશ અનુસાર તાત્કાલિક ઢોરો પકડવાની કામગીરી નગરપાલિકાના આરોગ્ય શાખાના કર્મચારીઓ દવારા પકડી તેને વલસાડ સ્થિત ગુંદલાવ ખાતે શ્રી લાલજી વેલજી શાહ એન્કરવાળા (ગોશાળા) ખાતે એક ઢોર દીઠ નિભાવણી ખર્ચના રૂ.૮૦૦૦/- લેખે જમા લેવા ગોશાળાના સંમતીપત્ર આધારે મોકલવામાં આવેલ જે મુજબ લાલજી વેલજી શાહ એન્કરવાળા (ગોશાળા)નું આવેલ બીલ વ.આ.નં.:૫૪૦૨/તા.:૨૩/૦૧/૨૦૨૩ થી બીલ નંબર:૨૯/તા.:૨૩/૦૧/૨૦૨૩ થી કુલ-૫,(પાંચ) ઢોરના ૮૦૦૦/-રૂ. લેખે ૪૦૦૦૦/-અંકે રૂ. ચાલીસ હજારનું બીલ તેમના નામે બનાવી ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૪:

વિષય.: રખડતાં ઢોરોના નિભાવણી ખર્ચ અંગેનું શ્રી લાલજી વેલજી એન્કરવાળાનું બીલ નંબર-૨૮ થી રૂ|.૪૮,૦૦૦/- પુરાનું આવેલ જેનું ચુકવણું કરવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાંથી રખડતા બિનવારસી ઢોરોને પકડવા માટે હાઇકોર્ટના આદેશ અનુસાર તાત્કાલિક ઢોરો પકડવાની કામગીરી નગરપાલિકાના આરોગ્ય શાખાના કર્મચારીઓ દવારા પકડી તેને વલસાડ સ્થિત ગુંદલાવ ખાતે શ્રી લાલજી વેલજી શાહ એન્કરવાળા (ગોશાળા) ખાતે એક ઢોર દીઠ નિભાવણી ખર્ચના રૂ.૮૦૦૦/- લેખે જમા લેવા ગોશાળાના સંમતીપત્ર આધારે મોકલવામાં આવેલ જે મુજબ લાલજી વેલજી શાહ એન્કરવાળા (ગોશાળા)નું આવેલ બીલ વ.આ.નં.:૫૪૦૧/તા.:૨૧/૦૧/૨૦૨૩ થી બીલ નંબર:૨૮/તા.:૨૧/૦૧/૨૦૨૩ થી કુલ-૬,( છ) ઢોરના ૮૦૦૦/-રૂ. લેખે ૪૮ ,૦૦૦/-અંકે રૂ. અડતાલીસ હજારનું બીલ તેમના નામે બનાવી ચુકવવા અંગેનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૫:

વિષય.: વયમર્યાદાના કારણે નિવૃત્ત થયેલ કામદારનું હક્ક રજાનો પગાર બીલ બનાવવાની મંજુરી આપવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં વાલ્મીકી સ્ત્રી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા શ્રી ભારતીબેન અમ્રતભાઈ સોલંકી તા: ૩૧/૦૫/૨૦૨૨ ના રોજ નિવૃત્ત થયેલ છે. સદર કર્મચારીશ્રીએ વ.ન.આ.નં. ૩૪૯૪/તા: ૨૮/૦૯/૨૦૨૨ થી હક્ક રજાનો પગાર મેળવવા માટેની માંગણી કરતી અરજી કરેલ છે. તે જોતાં અરજદાર કર્મચારીની કુલ ૧૫૩ (એકસો તેપ્પન) હક્ક રજા છે. જે મુજબ તેમને કુલ-૧૫૩ હક્ક રજાનો પગાર મળવા પાત્ર થાય છે. જેનું બીલ બનાવવા અંગે નિયમોનુસાર આગામી જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

**જ.બો.ઠ.નં.૧૮૪/તા:૧૬/૦૨/૨૦૨૩**

વ.કા. નં.૬:

વિષય.: ઓપરેશન/મેઇનટેનન્સ, પરચુરણ ખર્ચ , વાહન રીપેરીંગ, તથા તાત્કાલિક કરવાની થતી કામગીરી વિગેરે માટે એડહોક ખર્ચ મંજુર કરવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

એકાઉન્ટસ ઓફિસર, વલસાડ નગરપાલિકાના તા: ૦૯/૦૨/૨૦૨૩ ના રીપોર્ટમાં જણાવ્યા મુજબ , વલસાડ નગરપાલિકા –વલસાડની ચૂંટાયેલ પદાધિકારીશ્રીઓની મુદ્દત તા:૨૫/૦૨/૨૦૨૩ ના રોજ પૂર્ણ થાય છે. હજુ સુધી નગરપાલિકાની સામાન્ય ચુંટણી જાહેર થયેલ ન હોવાથી રોજબરોજની કામગીરી કરવા માટે એડહોક ખર્ચ પેટે રૂપિયા અંદાજીત રૂા.૫૦ ,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ લાખ) પુરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે. આ અંગે નિયમાનુસાર કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૭:

વિષય.: સરકારશ્રીના સાહસ ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિ.વડોદરા પાસેથી બ્લીચીંગ ૩૦ મે.ટન ખરીદ કરવા અંગે રૂ ।.૬,૩૭,૨૦૦/- (જી.એસ.ટી. સાથે) પુરા તેમજ બ્લીચીંગને લોડીંગ-અનલોડીંગ કરવા અંગે રૂા.૪૧,૪૦૦/- મળી કુલ રૂા.૬ ,૭૮,૬૦૦/- પુરાનું એડવાન્સ બીલ બનાવવા તથા સદરહુ બિલનો ખર્ચ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકા દ્વારા શહેરીજનોને પાઇપ લાઇન દ્વારા પાણી પુરવઠો પુરો પાડવાની કામગીરી અત્રેની કચેરી દ્વારા કરવામાં આવે છે. નગરજનોને સ્વચ્છ અને કીટાણું રહીત પાણી પુરવઠો આપવાનું થાય છે. નગરપાલિકા દ્વારા પાણીને નદીમાંથી ઉપાડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં પહોંચાડી ટ્રીટમેન્ટ કરી સદરહુ પાણીમાં ગ્રેડ-૧ (૩૩% થી ૩૫% વાળો) બ્લીચીંગ પાઉડરનો ઉપયોગ કરી પાણીનું શુધ્ધીકરણ કરવામાં આવે છે. સદરહુ પાણીનાં શુધ્ધીકરણ કરવા સંદર્ભે વાર્ષિક ૧૦૦ મે.ટન જેટલો બ્લીચીંગ પાઉડરની જરૂરિયાત પુરી કરવા સંદર્ભે નગરપાલિકા દ્વારા વાર્ષિક ભાવોના ઓનલાઈન-ટેન્ડર પ્રસિધ્ધ કરી ખરીદી કરવાની કામગીરી કરતાં આવેલ છે. જે વલસાડ નગરપાલિકાને સદરહુ ખરીદી અન્વયે રૂા.૩૪,૮૦,૦૦૦/- નો વાર્ષિક ખર્ચ કરતાં આવેલ છે. જે ખર્ચ વારિગૃહની આવક સંદર્ભે ઘણો હોય તેમજ વારંવાર ઓડીટ દરમ્યાન નગરપાલિકાને સ્વનિર્ભર કરવા અંગેના ઓડિટપેરાઓ આવતા હોય જેને ધ્યાને લઈ સરકારશ્રીના સાહસ ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લી.વડોદરા પાસે ખરીદ કરવા ઇ-મેલ કરી કોટેશન મંગાવી આવેલ સદર ભાવો કારોબારી સમિતિ ઠરાવ નંબર: ૭૪/તા: 01/0૭/૨૦૨૨ થી પ્રતિ મે.ટનનો ભાવ રૂા.૧૮ ,000/- તેમજ તેમાં સરકારશ્રીને ભરવા પાત્ર જી.એસ.ટી. મળી કુલ રૂા.૨૧ ,૨૪૦/- પ્રતિ ટનનો ભાવ મંજુર કરવામાં આવેલ છે. સદર ખરીદી અંગે એડવાન્સ રકમ ચુકવવાનું થાય છે. જેમાં ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લી.. વડોદરાની શરતો અન્વયે તેઓની કંપનીમાં રજીસ્ટર ટ્રાન્સપોટરની રજીસ્ટર ગાડીઓને જ પ્રવેશ અપાતો હોય જેને ધ્યાને લઈ તેઓની કંપની સાથે રજીસ્ટર થયેલ કંપની ભુમી કારગો મુવર્સનો ભાવ કારોબારી સમિતિ ઠરાવ નંબર: ૭૪/તા: ૦૧/૦૭/૨૦૨૨ થી ૧૦ મે.ટન લોડીંગ-અનલોડીંગ કરવાનો ભાવ રૂા.૧૩ ,૮૦૦/- પુરા મંજુર કરવામાં આવેલ છે. જેને ધ્યાને લઈ ૨૦ મે.ટન બ્લીચીંગ પાઉડર જુન-૨૦૨૨ થી ખરીદી કરવામાં આવેલ છે. ત્યાર બાદ ૨૦ મે.ટન બ્લીચીંગ પાઉડર સપટેમ્બર-૨૦૨૨ થી ખરીદી કરવામાં આવેલ છે. જે સ્ટોક પેટે હાલમાં ત્રીસ બેગ જેટલો બ્લીચીંગ પાઉડર ઉપલબ્ધ છે. જે આસરે દિન-૭ સુધી પાણીનું ટ્રીટમેન્ટ કરી શકાય તેમ છે. જેને ધ્યાને લઈ આગામી ત્રણમાસ માટેનો સ્ટોક પેટે ૩૦ મે.ટન જેટલો સ્ટોક કરવો અતિઆવશ્યક હોય , જેને ધ્યાને લઈ ઉપરોક્ત મંજુર થયેલ ભાવોથી સરકારશ્રીના સાહસ ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લી.વડોદરા પાસેથી ખરીદ કરવા માટે તેઓની શરતોને આધિન ૩૦ મે.ટન ખરીદ કરવા અંગે રૂા.૬,૩૭,૨૦૦/- (જી.એસ.ટી. સાથે) પુરા તેમજ સદરહુ બ્લીચીંગને લોડીંગ –અનલોડીંગ કરવા અંગે રૂા.૪૧ ,૪૦૦/- પુરા મળી કુલ રૂા.૬ ,૭૮,૬૦૦/- પુરાનું એડવાન્સ બીલ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવા તથા સદરહુ બીલનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.પ્રમુખશ્રીને અને ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૮:

વિષય.: ગુ.મ્યુ.ફાય.બોર્ડ, ગાંધીનગરના હુકમ ક્રમાંક: મફબ/યુ.પ /જ.મ.બી.ખે./ લૌ.ફંડ.સેસ/ આખરી/ હપ્તો/૨૦૨૨-૨૩/ ૧૬૧ તા: ૦૭/૦૧/૨૦૨૩ જમીન મહેસુલ ગ્રાન્ટ વિગેરેમાંથી કામો કરવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકા-વલસાડને સરકારશ્રીની જમીન મહેસુલ બીન ખેતી આકાર ગ્રાન્ટ (૨૦૨૨-૨૩)અન્વયે (૧) ગુ.મ્યુ.ફાય.બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક:મફબ/ યુ.પ/જ.મ.બી.ખે./લો.ફંડ.સેસ/ આખરી / હપ્તો /૨૦૨૨-૨૩/૧૬૧તા.:૦૭-૦૧-૨૦૨૩ થી રૂ.૧,૪૪,૮૧૩/-પુરા તેમજ (૨) ગુ.મ્યુ.ફાય. બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:મફબ/ યુ.પ/જ.મ.બી.ખે./લો.ફંડ.સેસ/ બીજો હપ્તો /૨૦૨૨-૨૩/૧૫૮૫૭/ તા.:૦૧-૦૯-૨૦૨૨ થી રૂ.૭૨,૪૦૮/-પુરા એમ મળી કુલ રૂ. ૨,૧૭,૨૨૧/- પુરાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ. સદરહું ફાળવવામાં આવેલ ગ્રાંટની રકમ નિયત થયેલ કામો માટે, જનરલ બોર્ડની મંજુરી મેળવી તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક નં.-મફબ / ૧૧૨૦૦૯/૩૧૨૭ /ધ તા.:૧૧-૧૨-૨૦૦૯ના પત્રની જોગવાઈઓ મુજબ, મે.પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી, સુરત પાસેથી વહીવટી મંજુરી મેળવી શરતો મુજબ અગ્રતાક્રમના ધોરણે કામ કરવા અંગેની જરૂરી સત્તા, મુખ્ય અધિકારીશ્રી, ચેરમેનશ્રી-કારોબારી કમિટી, પ્રમુખશ્રી વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૯:

વિષય.: વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખામાં સને ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે વિવિધ પ્રકારના કામો કરાવવા પ્રથમ તબક્કામાં અંદાજીત ખર્ચ રૂા.૨૦.૦૦ લાખ મંજુર કરવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખામાં સને ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે નગરપાલિકા હદ વિસ્તારમાં માલ-સામાન મજુરી સહિત બાંધકામ તથા વિવિધ પ્રકારના અન્ય કામો કરવાની જરૂરીયાત હોય, સદરહુ કામે પ્રથમ તબક્કામાં થનાર અંદાજીત ખર્ચ રૂ ા.૨૦.૦૦/- લાખ અંકે રૂપિયા વીસ લાખ પૂરા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૧૦:

વિષય.: વલસાડ નગરપાલિકા હસ્તકની મિલકતોની સુરક્ષા માટે સને ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે સીક્યુરીટી ગાર્ડની ગોઠવણ કરવાના કામે થનાર ખર્ચ મંજુર કરવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકા હસ્તકની મિલકતોની સુરક્ષા માટે સને ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે સીક્યુરીટી ગાર્ડની ગોઠવણ કરવાના કામે થનાર સઘળો ખર્ચ અંગેનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૧૧:

વિષય.: સને: ૨૦૨૩ -૨૪ ના વર્ષ માટે બાંધકામ મટીરીયલ્સ સપ્લાય કરવાના કામના આવેલ ટેન્ડર અન્વયે નિર્ણય થવા બાબત.. (ટેન્ડર આઈ.ડી.નં.૫૬૯૭૩૪)

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખામાં સને: ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે બાંધકામ મટીરીયલ્સ સપ્લાય કરવાના કામના આવેલ ટેન્ડર અન્વયેના આવેલ કામે , ચર્ચા-વિચારણા કરતાં સદરહુ કામના ટેન્ડરના એજન્સી સાથે ભરેલ ભાવો અંગે નેગોશીએશન થયા બાદનો જરૂરી અંદાજીત રૂ ।.૩૫.૦૦ લાખના ખર્ચ અંગેનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૧૨:

વિષય.: સને :૨૦૨૩-૨૪ ના વર્ષ માટે નગરપાલિકા હદ વિસ્તારમાં વિવિધ કામો માટે પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ એજન્સીઓની ફીનો ખર્ચ મંજુર કરવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

સને: ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં જે તે પ્રકારના વિકાસલક્ષી કામો તેમજ નગરપાલિકા સ્વભંડોળના કામોના એસ્ટીમેઈટ બનાવવા , તાંત્રિક તેમજ વહીવટી મંજુરી મેળવવા, ટેન્ડર બનાવી અપલોડ કરવાની કામગીરી, તેમજ કામગીરીના સ્થળ ઉપર ફૂલટાઇમ સુપરવિઝન તેમજ બીલીંગ , વિગેરે આનુષાંગીક તમામ કામગીરી કરવામાટે પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સ્લટન્ટની પેનલ બનાવવાના કામે એજન્સીઓ પાસેથી ઇ-ટેન્ડર મંગાવવાના કામે માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ . (ટેન્ડર આઈ.ડી.નં-૫૭૦૧૨૩). જેથી મુદ્દત દરમ્યાન આવેલ ટેન્ડરરોનું ટેન્ડર ડોક્યુમેન્ટ તા.૨૭-૦૧-૨૦૨૩ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. અને ખુલ્લા કરેલ ટેન્ડર ડોકયુમેન્ટની ચકાસણી કરતાં ૦૧ ટેન્ડર ડોક્યુમેન્ટ ક્વોલીફાઇડ થયેલ નથી અને કુલ-૦૫ ટેન્ડરરોના ટેન્ડર ડોક્યુમેન્ટ ક્વોલીફાઇડ થયેલ છે. જેથી ક્વોલીફાઇડ થયેલ ટેન્ડરરોના ઓનલાઈન ટેન્ડર તા.૦૪-૦૨-૨૦૨૩ ના રોજ ખુલ્લા કરવાની કાર્યવાહી કરતાં ક્વોલીફાઇડ થયેલ ટેન્ડર તેમજ અન્ય એક ટેન્ડરરનું બીડ આવેલ, પરંતુ સદરહુ એક ટેન્ડરર દ્વારા અત્રે ટેન્ડર ડોક્યુમેન્ટ આવેલ નહીં હોવાથી સદરહુ ટેન્ડર બીડ ખુલ્લુ કરવામાં આવેલ ન હોય , અને ક્વોલીફાઇડ થયેલ કુલ-૦૫ ટેન્ડરરોના ટેન્ડર બીડ ખુલ્લા કરવામાં આવેલ , જેથી ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં L1 તરીકે 1.98% ભાવ કન્સલતનસી ફી તરીકે ટેન્ડર આવેલ છે.

સદર તુલનાત્મક પત્રક જોતાં L1ના ઓછામાં ઓછા ભાવ કન્સલટન્સી ફીના રૂ।.૧.૯૮% ભરવામાં આવેલ છે. જે મુજબ કન્સલટન્સી ફીનો ખર્ચ રૂ।.૧.૯૮% મુજબ ખર્ચ અંગેનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

વ.કા. નં.૧૩:

વિષય.: વલસાડ નગરપાલિકાની માલિકીના પ્લોટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં-૦૧ ના આખરી ખંડ નં-૧૧૮/ ૨ વાળી જગ્યામાં વાણિજ્ય હેતુ માટેના શોપીંગ કોમ્પ્લેક્ષમાં પાર્કિંગ રેમ્પ , પાર્ટીશન વર્ક , દાદર પાસે દરવાજા લગાવવાની વિગેરે કામગીરી તેમજ ફાયર ફાઈટીંગ સીસ્ટમ લગાવવાની કામગીરીનો સઘળો ખર્ચ મંજુર કરવા બાબત..

અધ્યક્ષ સ્થાનેથી રજુ

ઠરાવ: -

વલસાડ નગરપાલિકાએ નગરપાલિકાની માલિકીના પ્લોટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં-૦૧ ના આખરી ખંડ નં-૧૧૮/૨ વાળી જગ્યામાં વાણિજય હેતુ માટે શોપીંગ કોમ્પ્લેક્ષની દુકાનો/ઓફિસો બનાવવામાં આવેલ. સદરહુ શોપીંગ કોમ્પ્લેક્ષમાં પાર્કિંગ રેમ્પ , પાર્ટીશન વર્ક, દાદર પાસે દરવાજા, રોલીંગ શટર, કલરકામ, વિગેરે જેવી કરવાની થતી બાકી કામગીરી , શોપીંગ કોમ્પ્લેક્ષમાં ફાયર ફાઈટીંગ સીસ્ટમ તેમજ શોપીંગ કોમ્પ્લેક્ષમાં કેપસૂલ લીફ્ટ નંગ - ૦૨ ની કામગીરી કરવા અન્વયે નગરપાલિકા દ્વારા ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા પુર્ણ કરેલ છે. તથા વર્કઓર્ડર આપવામાં આવેલ છે. જેથી સદરહુ કામગીરી કરવા માટેનો અંદાજીત ખર્ચ નીચે મુજબ છે.

| અનુ. નં. | કામની વિગત | અંદાજીત ખર્ચ |
|---|---|---|
| ૧ | શોપીંગ કોમ્પ્લેક્ષમાં પાર્ટીશન વર્ક, દાદર પાસે દરવાજા, રોલીંગ શટર, કલરકામ, વિગેરેનું કામ | રૂ।.૯૧,૨૪,૧૬૭/- |
| ૨ | શોપીંગ કોમ્પ્લેક્ષમાં ફાયર ફાઈટીંગ સીસ્ટમ નાખવાનું કામ | રૂ।.૨૦,૯૦,૦૦૦/- |
| ૩ | શોપીંગ કોમ્પ્લેક્ષમાં કેપ્સુલ લીફ્ટ નંગ- ૦૨ નાખવાનું કામ | રૂ।.૨૪,૧૩,૮૦૦/- |

તેમજ શોપીંગ કોમ્પ્લેક્ષમાં ફાયર ફાઇટિંગ સીસ્ટમ નાખવાનું કામ મંજૂર કરવામાં આવેલ છે.સદરહું કામે ઓનલાઇન ટેન્ડર કરવામાં આવતા ટેંડરરશ્રી એઆરવી કન્સટ્રકશન , સુરતનું ટેન્ડર કા.સ.ઠ.નં.૧૭૩/તા.૧૪-૧૦-૨૦૨૨થી મંજૂર કરી તા.૨૯-૧૦-૨૦૨૨થી જરૂરી વર્ક ઓર્ડર એજન્સીને આપવામાં આવેલ છે. જે અંતર્ગત સદદરૂં ટેન્ડરમાં સમાવિષ્ટ ફાયર ફાઇટિંગ સીસ્ટમ ની કામગીરી હાલે પ્રગતિ હેઠળ છે. સરકારશ્રીના નેશલ બીલ્ડીંગ કોડ અનુસાર શોપીંગ કોમ્પ્લેક્ષની ફાયર NOC મેળવવાની થાય, સદરહુ કામગીરીમાં શોપીંગ કોમ્પ્લેક્ષમાં ફાયર ફાઇટિંગ સીસ્ટમ માં પાણીની ટાંકી અંદર ગ્રાઉન્ડ ટાંકી, ઓવર હેડ ટાંકી, મીકેનીકલ વર્ક, પાર્કિંગ રેમ્પ, પ્લમ્બીંગ વર્ક તેમજ બાકી રહેતું સિવિલ વર્ક વિગેરે સદરહુ ટેન્ડરમાં સમાવિષ્ટ નહી હોય , તેથી તેનો જરૂરી ઓનલાઈન ટેન્ડરીંગ પ્રક્રિયા કરી સદરહુ બાકી રહેલ કામગીરી કરવાની થાય તેમ છે, જેથી નગરપાલિકા દ્વારા નેશલ બીલ્ડીંગ કોડ અનુસાર શોપીંગ કોમ્પ્લેક્ષની ફાયર NOC મેળવવાની કાર્યવાહી કરી શકાય. તો સદરહુ ઉપરોક્ત તમામ કામગીરી કરવા માટેનો સઘળો થનાર ખર્ચ અંગેનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર.....

સભાનું કામકાજ પૂર્ણ થતાં પ્રમુખશ્રીએ સૌને આભાર વ્યક્ત કર્યો , સભાનું કામકાજ પૂર્ણ થતાં " રાષ્ટ્રગાનથી " સભા પૂર્ણ થઈ........

સહી-અવાચ્ય

(કિન્નરીબેન અમીષભાઇ પટેલ)

પ્રમુખ

વલસાડ નગરપાલિકા

નગરપાલિકા કચેરી,

વલસાડ.

તા:૨૩/૦૨/૨૦૨૩